*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણમૂલો ધમ્મો



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૧૩



## આનંદની સુવાસ



મહાવીરભગવાન જે સિદ્ધપદ પામ્યા, તે સિદ્ધપદને યાદ કરતાં, તેના જેવું નિજસ્વરૂપ લક્ષમાં લેતાં, અતીન્દ્રિયઆનંદની એક મધુરી સુવાસ આવે છે–કે જે સુવાસ આ નાકવડે નહીં પરંતુ ભાવશ્રુતજ્ઞાનવડે સુંઘાય છે.

દેવ–ગુરુ કહે છે કે જેમ કેરીની દુકાને જતાં કેરીની ગંધ આવે છે તેમ હે જીવ! અંતરમાં ચૈતન્યની દુકાને જતાં તને આનંદની સુગંધ આવશે. રાગાદિ પરભાવોમાં તો આનંદની સુવાસ નથી, તેમાં તો દુઃખરૂપી દુર્ગંધ છે; આનંદની સુવાસ તો આત્માના સ્વભાવમાં જ છે; તેની સમીપ જતાં આનંદની સુવાસ આવે છે...ને તેમાં એકાગ્ર થતાં અપૂર્વ આનંદનો સ્વાદ આવે છે.

તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૪૯૬, કારતક ( લવાજમઃ ચાર રૂપિયા ) વર્ષ ૨૭ : અંક ૧
શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

ગુરુકહાન દરસાવતા

જિનશાસનનો મર્મ

જો ચાહો નિજસુખને

તો સમજો આતમ–ધર્મ

卐



૨૬ વર્ષ પૂરા કરીને આજ આપણું આત્મધર્મ ૨૭ મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે;–પૂ. શ્રી કહાનગુરુની ચરણસેવામાં મને પણ એટલા જ વર્ષ થયા. માત્ર ૨૬ વર્ષથી નહિ પણ જાણે કેટલાય યુગ–યુગથી ગુરુદેવની સાથે હોઈએ–એવી ઉર્મિઓ ગુરુદેવ પ્રત્યે વેદાય છે. હૃદયમાં ગુરુદેવ એવા જડાઈ ગયા છે કે, તે એકમેકપણામાં વચ્ચે ઉપકાર માનવા જેટલું બે–પણું ઊભું કરવું પણ જાણે કે પાલવતું નથી. જેમણે આત્મા લક્ષગત કરાવ્યો એવા ગુરુદેવ પ્રત્યે, આપણે ઉપકારલાગણીથી પણ વિશેષ કંઈક કરવાનું છે–કે જેથી ગુરુશિષ્યનું દ્વૈતપણું ન રહે.

બંધુઓ, આ કાળે જૈનધર્મનું રહસ્ય સમજાવીને શુદ્ધાત્માની આરાધના કરવાનું ગુરુદેવ આપણને જે રીતે નિરંતર પ્રતિબોધી રહ્યા છે, તે એમ સૂચવે છે કે આપણે માટે એવી આરાધનાનો સુઅવસર આવ્યો છે.–હવે બીજાું કોઈ મૂરત જોવા ન રોકાઈએ, અને સંસાર આખાને એકકોર મુકીને ગુરુચરણોમાં આરાધનાના આ અવસરને કાર્યગત કરી લઈએ....એ જ આપણું જીવનકર્તવ્ય છે.

આવા કર્તવ્યની પ્રેરણા, આત્મઅનુભવની પ્રેરણા, અને તેનું માર્ગદર્શન 'આત્મધર્મ' દ્વારા આપણને પ્રાપ્ત થાય છે. સદાય આ જ કર્તવ્યને અનુલક્ષીને, દેવ–ગુરુ પ્રત્યે પરમ ભક્તિથી અને સર્વ સાધર્મીઓ પ્રત્યે ખૂબ જ પ્રેમથી 'આત્મધર્મ' નું કાર્ય સંભાળતાં મને આનંદ થયો છે, ને સામેથી સૌ સાધર્મીઓએ પણ મારા પ્રત્યે એવી જ લાગણીઓ વરસાવી છે.–આપણે સૌ સાથે મળીને વીતરાગશાસનની સુખકર છાયામાં આત્માના વીતરાગરસનું પાન કરીએ....એ જ નુતનવર્ષની મંગલ ભાવના.

–બ્ર. હ. જૈન

વાર્ષિક લવાજમ
ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૬
કારતક

* વર્ષ ૨૭: અંક ૧ *

## આત્માની પ્રભુતા એ જ ઉત્કૃષ્ટ મંગળ

# 卐 ચૈતન્યનું મંગળ સુપ્રભાત 卐

નવા વર્ષના સુપ્રભાતમાં સીમંધરનાથના દર્શન કર્યા બાદ મંગલ સન્દેશમાં ગુરુદેવે ચૈતન્યની પ્રભુતાના પરમ મહિમાપૂર્વક કહ્યું કે આત્માની એક પ્રભુતામાં બધું સમાઈ જાય છે, તેને યાદ કરીને પ્રગટ કરવી તે મંગળ સુપ્રભાત છે. એટલું જ સત્ય છે, એટલું જ કલ્યાણ છે ને એટલું જ અનુભવનીય છે કે જેટલું આ જ્ઞાનસ્વરૂપ છે. 'એનું સવારમાં ખૂબ ઘોલન ચાલ્યું હતું' એમ કહીને એવા સત્ય આત્મસ્વરૂપનો અનુભવ કરવાની ઉત્તમ પ્રેરણા ગુરુદેવે આપી. અને કહ્યું કે આવો આત્મા જ ધ્રુવશરણ છે. અહો, આ જ સત્ય છે એટલે આ સિવાય બધું અસત્ય છે, અભૂતાર્થ છે, અવસ્તુ છે; ભૂતાર્થ સ્વભાવમાં તેનો અભાવ છે; એવો જે ભૂતાર્થસ્વભાવ છે તે આત્માની ખરી પ્રભુતા છે. તેમાં સર્વજ્ઞતા, પૂર્ણ આનંદ-સુખ બધા ભાવો સમાઈ જાય છે. બહારને દેખવાની આંખ બંધ કરીને અંદરમાં આવા ભૂતાર્થ આત્માને દેખવો તે અપૂર્વ મંગલ પ્રભાત છે.

# ઝગમગતા જ્ઞાન દીવડાથી શોભતું
# આત્માનું સુપ્રભાત

( કારતક સુદ એકમઃ નુતન વર્ષનું મંગલ પ્રવચન )

સવારમાં જે આત્માની પ્રભુતાનો પરમ મહિમા ઘૂંટાયેલો, તેનું ફરી ફરીને રટણ કરતાં પ્રવચનમાં પણ ગુરુદેવે કહ્યું કે–આત્માના ભૂતાર્થ સ્વભાવનું જ શરણ છે. તે સ્વભાવની સન્મુખ થતાં દ્રવ્ય સાથે પર્યાયની એકતા થઈ ને આનંદનો અનુભવ થયો, ત્યાં પર્યાયબુદ્ધિ છૂટી ગઈ. આનું નામ સમ્યગ્દર્શન–સુપ્રભાત છે. એક સમયની પર્યાય છે તે રાગથી જુદી પડીને ધ્રુવસ્વભાવનું શરણ લ્યે છે એટલે તેમાં અભેદ થાય છે. સંયોગનું તો શરણ નથી, રાગાદિભાવો વિભાવ છે, ચૈતન્યથી વિરુધ્ધ છે, તે પણ શરણરૂપ નથી, ક્ષણિકપર્યાય એક સમયની, તેને લક્ષમાં લઈને શરણ લેવા જાય તો વિકલ્પની વૃત્તિ ઊઠે છે, તે પણ શરણ થતી નથી. અંતરના સ્વભાવમાં પ્રભુતા એવી છે કે જેમાં કેવળજ્ઞાન– આનંદ આદિ સર્વગુણનો અખંડ પ્રતાપ છે, જે કોઈથી તોડી ન શકાય; આમ સર્વગુણને ધારણ કરનારી આત્મપ્રભુતા છે તેની સન્મુખ થતાં ઝગઝગતા જ્ઞાનદીવડા પ્રગટે છે. આ ઝગઝગતા જ્ઞાનદીવડાથી આત્માનું સુપ્રભાત શોભે છે.

ધર્મીને શરણ છે ધર્મીનું. 'ધર્મી' એવો જે અનંત ગુણસંપન્ન આત્મા, તેનું ધર્મીને અવલંબન છે; તેને તે અનુભવે છે. તે આત્મા પોતાના સ્વભાવથી ભરેલો છે. પ્રભુતાથી પૂરો છે. જ્ઞાનનો પૂંજ છે. આવા આત્માના ચૈતન્યસમુદ્રના તળીયે જે પહોંચ્યો તે ધર્મી જીવ અધર્મરૂપ રાગાદિ પરભાવોને કેમ ઈચ્છે? તેને કેમ આત્માના માને? જ્ઞાન–આનંદ સ્વભાવને પોતાનો કરીને જે અનુભવે, તે રાગાદિને પોતાના કરીને કેમ અનુભવે? પોતાની પ્રભુતાને જેણે દેખી, તે પોતાને પામરરૂપ કેમ માને? વાહ! આત્માની પ્રભુતા! તેનો મહિમા, તેની દ્રષ્ટિ, તેનો અનુભવ તે મહા મંગળ છે, આનંદરૂપ છે. જીવને આત્માનું આવું પરમ મહિમાવંત સ્વરૂપ સાંભળવાનું પણ મહાન ભાગ્યથી કોઈકવાર મળે છે.

જ્ઞાનીએ પોતાના ચિદાનંદ સ્વભાવને અનુભવમાં લઈને રાગાદિ પરભાવોને જુદા કર્યા છે કે 'આ મારી વસ્તુના ઘરનો ભાવ નહિ.' અહો, આ ચૈતન્યના આનંદનો માર્ગ! તે રાગથી કેમ મળે? ચૈતન્ય મહાપ્રભુ દ્રષ્ટિમાં આવ્યો ત્યાં ધર્મીને કૃત–

કૃત્યતા થઈ, તે હવે રાગાદિને કે સંયોગને જગતના તમાસા તરીકે જુદાપણે દેખે છે, તેને તે પોતાનાં કરતો નથી ને તેને વેદતો નથી. જ્ઞાનીની ડીગ્રી તો ચૈતન્યવિદ્યારૂપ છે. ચૈતન્યને ચેતવારૂપ અનુભવવારૂપ જે જ્ઞાનવિદ્યા, તેમાં જ જ્ઞાનીની વિદ્વત્તા છે. જેમ મીઠા દૂધપાકના તાવડામાં ઝેરનું ટીપું સમાય નહિ, તેમ આનંદરસથી ભરેલા ચૈતન્યના મીઠા દૂધપાકમાં રાગરૂપી ઝેરનું ટીપું પણ ભળી શકે નહિ. પરભાવોથી સર્વથા ભિન્ન જ્ઞાનસ્વરૂપને જાણતો થકો ધર્મી જીવ પરભાવો પ્રત્યે સર્વથા વિરક્ત છે. જેમાં જ્ઞાન ભર્યું છે એને તો જાણે નહિ ને જ્યાં પોતાનું જ્ઞાન નથી તેને જાણવા જાય એ તે જ્ઞાન કેવું? એવા જ્ઞાનને ખરેખર જ્ઞાન કહેતા નથી. ખરૂં જ્ઞાનકિરણ તો તેને કહેવાય કે જ્યાં જ્ઞાનસત્તા પરિપૂર્ણ ભરી છે એવા પોતાના આત્મસ્વભાવને જે પ્રકાશે એટલે કે જાણે તેને જાણતાં જાણનારને શાંતિ ને આનંદ થાય છે. પરભાવમાંથી આત્માની શાંતિ નીકળતી નથી, માટે જ્ઞાની તેના પ્રત્યે તદ્દન વિરક્ત છે. એક પૂર્ણાનંદીપ્રભુ જ એની દૃષ્ટિમાં વસ્યો છે–આવા આત્માને દૃષ્ટિમાં–જ્ઞાનમાં–અનુભવમાં લેતાં કેવળજ્ઞાનરૂપી આનંદમય મંગલ સુપ્રભાત ઊગે છે.

જ્ઞાન દીવડાથી ઝગમગતી આત્મપ્રભુતા જયવંત હો.

******

# ભજન

આપા નહિં જાના તૂને કૈસા જ્ઞાનધારી રે......
દેહાશ્રિત કરિ ક્રિયા આપકો માનત શિવમગચારી રે......
નિજ–નિવેદ વિન ઘોર પરિષહ વિફલ કહી જિન સારી રે.....
શિવ ચાહે તો દ્વિવિધકર્મ તેં કર નિજપરિણતિ ન્યારી રે.....
दौलत જિન નિજભાવ પિછાન્યો તિન ભવવિપત વિદારી રે....

છહ્‌ઢાળાના રચનાર પં. દૌલતરામજી આ ભજનમાં કહે છે કે–રે જીવ! તારા આત્માને જો તેં ન જાણ્યો તો તું જ્ઞાનધારી કેવો? દેહાશ્રિત ક્રિયાઓ વડે તું પોતાને મોક્ષમાર્ગી સમજે છે,–પરંતુ આત્માને જાણ્યા વગર મોક્ષમાર્ગ કેવો? પોતાના આત્માના અનુભવ વગર ઘોર પરિષહ સહન કરે તો પણ તે બધું નિષ્ફળ છે–એમ જિનદેવે કહ્યું છે. માટે હે જીવ! જો તું મોક્ષને ચાહતો હો તો, અશુભ કે શુભ બંને પ્રકારનાં કર્મોથી તારી નિજપરિણતિને જુદી કર. શુભ–અશુભ પરભાવોથી જુદો એવો પોતાનો નિજભાવ જેણે જાણ્યો તેણે ભવભ્રમણની વિપત્તિને વિદારી નાંખી છે. માટે હે જીવ! તું આત્માને જાણ.

# જ્ઞાનમય સુપ્રભાત

આસો વદ અમાસની વહેલી સવારમાં સુવર્ણધામમાં મોક્ષનું સોનેરી પ્રભાત ખીલ્યું હતું...વીરપ્રભુના આત્મામાં સિદ્ધપદનું સુપ્રભાત ખીલ્યું, ગૌતમસ્વામીના આત્મામાં કેવળજ્ઞાનનું સુપ્રભાત ઝળકી ઊઠયું, અને સુધર્મસ્વામીના આત્મામાં શ્રુતકેવળીપણાનું સુપ્રભાત ઊગ્યું. આવા ઝગઝગતા જ્ઞાન દીવડાનું સુપ્રભાત ભક્તોએ આનંદથી ઊજવ્યું. પાવાપુરીના સ્મરણપૂર્વક વીરપ્રભુની–હવે સિદ્ધપ્રભુની–પરમ ભક્તિપૂર્વક પૂજન થયું.

વીરપ્રભુએ ઉપદેશેલું જે વીતરાગી આત્મસ્વરૂપ, તે કહાનગુરુએ મંગલ પ્રવચનમાં બતાવ્યું. આત્માનો પરમ સત્ જ્ઞાનસ્વભાવ છે; તેને અનુભવનાર જ્ઞાની પોતાને ટંકોત્કીર્ણ જ્ઞાનસ્વરૂપે નિત્ય જાણે છે. વિકલ્પો, પુણ્ય–પાપ, રાગના કે હર્ષના કરવા–ભોગવવાના ભાવો–તે બધા ક્ષણિક છે, ધર્મી તે–સ્વરૂપે પોતાને અનુભવતો નથી. આવા આત્માનો અનુભવ તે ધર્મની કળા છે; તે જ્ઞાનમય સુપ્રભાત છે.

આવા શાશ્વત આત્માના નિર્વિકલ્પરસથી ભરેલા આનંદમય પકવાન્ન છે; દીવાળીનાં આ પકવાન્ન પીરસાય છે. રાગાદિ ભાવોમાં તો દુઃખ છે, ચૈતન્યરસથી ભરેલો નિત્ય આત્મા, તેની સન્મુખ થઈને જ્ઞાની પોતાના જ્ઞાનાનંદરસને વેદે છે. આવા ટંકોત્કીર્ણ જ્ઞાનસ્વભાવનો અનુભવ કરી કરીને મહાવીર ભગવાન આજે સિદ્ધપદ પામ્યા, ધ્રુવપદ પામ્યા; સાદિ–અનંત તેઓ આત્માના આનંદમાં સ્થિર રહેશે. અજ્ઞાની અધ્રુવ –ક્ષણિક રાગાદિ ભાવોરૂપે જ પોતાને અનુભવતો હોવાથી ચારગતિરૂપ અધ્રુવપદમાં ભમે છે. એકકોર ધ્રુવસ્વભાવ, બીજીકોર ક્ષણિક રાગાદિ ભાવો, બંનેની ભિન્નતા છે. ધ્રુવસ્વભાવને અનુભવતાં પર્યાય પણ ધ્રુવ સાથે અભેદ થઈ; ધ્રુવ સાથે અભેદ થઈને પ્રગટેલી તે પર્યાય સાદિ–અનંત એવી ને એવી થયા કરશે–તે અપેક્ષાએ તેને ધ્રુવ કહી દીધી. કુંદકુંદાચાર્યદેવે ગાથામાં સિદ્ધગતિને ધ્રુવગતિ કહી છે; એવી ધ્રુવ સિદ્ધગતિને મહાવીરભગવાન આજે પાવાપુરીથી પામ્યા; તેનો આ ઉત્સવ છે.

ધર્મીને 'ધ્રુવ' કહ્યો કેમકે તે ધ્રુવસ્વભાવને દ્રષ્ટિમાં લઈને એક ટંકોત્કીર્ણ સ્વભાવપણે પોતાને અનુભવે છે. અજ્ઞાની ધ્રુવપદને ભૂલીને ઈચ્છા રાગ–દ્વેષાદિ અધ્રુવભાવરૂપે જ પોતાને અનુભવે છે. ( અનુસંધાન પૃષ્ઠ ૩૪ ઉપર )

# અભેદને અભિનંદન

## આત્માના સ્વભાવરૂપ એક જ્ઞાનપદ, તેના અનુભવથી આત્મલાભ

આત્મા એક પરમ પદાર્થ છે અને તે જ્ઞાનસ્વરૂપ છે; મતિજ્ઞાનાદિ ભેદો આ એક જ્ઞાનપદને ભેદતા નથી, પરંતુ ઊલટા તે અભેદને અભિનંદે છે.–એ સમજાવીને આચાર્યભગવાન 'આત્મલાભ' કરાવે છે.

(સમયસાર ગાથા. ૨૦૪–૨૦૫)

શિષ્યે પૂછ્યું હતું કે આત્માનું નિજપદ કેવું છે? તે બતાવો. તેના ઉત્તરમાં આચાર્યદેવ આત્માનું નિજપદ બતાવે છે. પરદ્રવ્યોથી ભિન્ન, પરભાવોથી ભિન્ન, અને પોતાના જ્ઞાનાદિ સ્વભાવોથી અભિન્ન એવું નિજપદ છે, તેના અનુભવથી મોક્ષ પમાય છે.

આત્મા એક પરમ વસ્તુ છે. આત્મા કહો કે જ્ઞાન કહો; તે જ્ઞાનસ્વરૂપ એક આત્માને અનુભવનારી જે મતિ–શ્રુત વગેરે જ્ઞાનપર્યાયો છે તે અભેદને ભેદતી નથી, પણ તે અભેદને અભિનંદે છે. એકરૂપ એવો જે આત્માનો પરમ જ્ઞાનસ્વભાવ, તે સ્વભાવને અનુભવનારી પર્યાયો આત્માની એકતાને તોડતી નથી પણ તેને અભિનંદે છે; એટલે તે મતિજ્ઞાનાદિ પર્યાયો એક જ્ઞાનપદમાં જ સમાય છે. જ્ઞાનના સર્વ ભેદો છે તે જ્ઞાનમાં જ તન્મય છે.

જેમ પ્રકાશસ્વભાવી ઝગઝગતો સૂર્ય છે; વાદળાના ભેદન–અનુસાર સૂર્યનાં કિરણોમાં હીનાધિકતારૂપ જે ભેદ પડે છે, પણ તે પ્રકાશનાં કિરણોના ભેદો સૂર્યના પ્રકાશસ્વભાવને સિદ્ધ કરે છે, તે કિરણો કાંઈ પ્રકાશસ્વભાવને ભેદતા નથી પણ ઉલટા સાબિત કરે છે કે અહીં પ્રકાશસ્વભાવી આખો સૂર્ય છે. તેમ આત્મા ચૈતન્યસૂર્ય છે. મતિજ્ઞાન–કેવળજ્ઞાન વગેરે જે જ્ઞાનભેદો છે તેઓ આત્માના ચેતકસ્વભાવને પ્રસિદ્ધ કરે છે; જ્ઞાનભેદો એક જ્ઞાનસ્વભાવને ભેદતા નથી પણ તેમાં તન્મય થઈને ઊલટા તેને અભિનંદે છે; જ્ઞાનપર્યાયોની એકતા રાગ સાથે નથી પણ ચેતનસ્વભાવ સાથે તેની એકતા છે.–આવા અભેદરૂપ એક જ્ઞાનસ્વભાવનો અનુભવ તે મોક્ષનો ઉપાય છે. તે જ

નિજપદ છે. અહો, જ્ઞાનવડે જ આવા જિનપદની પ્રાપ્તિ થાય છે, એ સિવાય શુભરાગના ક્રિયાકાંડવડે કે બીજી કોઈ રીતે જ્ઞાનપદની પ્રાપ્તિ થતી નથી. જ્ઞાનની પ્રાપ્તિ એટલે કે જ્ઞાનસ્વભાવનો અનુભવ તો સજાતીય એવા જ્ઞાનભાવ વડે જ થાય, પણ વિજાતીય એવા રાગાદિ અ–જ્ઞાનમયભાવ વડે જ્ઞાનપદનો અનુભવ થઈ શકે નહિ. જ્ઞાનવડે જ્ઞાનનો અનુભવ તે જ મોક્ષનો ઉપાય છે.

આવા આત્મસ્વભાવભૂત જ્ઞાનનું અવલંબન કરતાં આત્મલાભ થાય છે. જુઓ, આ આત્માના લાભની મંગળ વાત છે. દીવાળી કે બેસતાવર્ષે 'લાભ–શુભ' એમ લખે છે, તેમાં તો અજ્ઞાનીઓ જડની લક્ષ્મીના લાભની ભાવના ભાવે છે; અહીં તો આચાર્યદેવ આત્માનો લાભ થાય ને આત્મામાં અપૂર્વ નવું વરસ બેસે–એવી મંગળ વાત સમજાવે છે. ભાઈ, રાગથી પાર એવો એકલો જ્ઞાયકસ્વભાવી તારો આત્મા છે, તે સ્વભાવનું એકનું જ અવલંબન કરતાં તને તારા અપાર ચૈતન્યનિધાનનો લાભ થશે, આત્મવૈભવનો તને લાભ થશે. એ જ સાચો લાભ છે.

ધર્મી ને આત્માના જ્ઞાનસ્વભાવનો અનુભવ થયો, પછી પર્યાયમાં શુદ્ધતાના પ્રકારો વધતા જાય છે, તેમાં શુદ્ધતાના અનેક પ્રકારો છે. છતાં તે અનેક ભેદો ઉપર ધર્મીનું લક્ષ નથી; તે શુદ્ધતાના દરેક ભેદો સામાન્યસ્વભાવ સાથે એકતા કરીને તેને જ અભિનંદે છે, એટલે તે જ્ઞાનપર્યાયો અભેદ સ્વભાવની એકતાને ભેદતી નથી, પણ તેમાં તન્મય થઈને અભેદને અભિનંદે છે.

જુઓ આ અભિનંદન! કોને અભિનંદવું? કે પર્યાયને અંતર્મુખ કરીને પોતાના અભેદ સ્વભાવને જ અભિનંદવું. પર્યાયમાં શુદ્ધતાની વૃદ્ધિ થવા છતાં એકતા તૂટતી નથી. ધર્મી જીવ રાગને નથી અભિનંદતો, તેને નથી ભેટતો, પણ પર્યાયને એકત્વ–સ્વભાવ સાથે અભેદ કરીને આનંદ સહિત તે એકત્વને જ અભિનંદે છે, તેને જ ભેટે છે. એમાં મહાન આત્મલાભ થાય છે ને મોક્ષપદ પમાય છે. મહાવીર ભગવાન આવા જ્ઞાનપદને અભિનંદીને મોક્ષ પામ્યા...ને એવું જ્ઞાનપદ જગતને બતાવ્યું. હે જીવો! તમને મોક્ષની ભાવના હોય તો તમારા આવા જ્ઞાનસ્વભાવરૂપ નિજપદને ઓળખીને તેનું અવલંબન લ્યો...તેને જ તન્મયપણે ધ્યાવો.

મુમુક્ષુએ નિજપદની પ્રાપ્તિ માટે શું કરવું? તેની આ વાત છે.

જે જ્ઞાનમય એક આત્મસ્વભાવ છે તેનું જ અવલંબન લેવું; તેના અવલંબનથી જ નિજપદની પ્રાપ્તિ થાય છે. રાગાદિભાવો પરપદ છે, અને જ્ઞાનસ્વભાવના

અવલંબનરૂપ જે નિર્મળ પર્યાય થઈ તે સ્વપદ છે. સ્વાલંબને નિર્મળ પર્યાય પ્રગટી ત્યારે નિજપદની પ્રાપ્તિ થઈ. દ્રવ્ય–ગુણ ત્રિકાળ શુદ્ધ હતા, તેવી શુદ્ધપર્યાય પ્રગટી તેનું નામ નિજપદની પ્રાપ્તિ છે.–આમાં દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે આવી ગયા. આવા નિજપદની પ્રાપ્તિમાં રાગનું જરાય અવલંબન નથી, ભેદોનું અવલંબન નથી, એકરૂપ જ્ઞાનસ્વભાવનું જ અવલંબન છે.

આત્માનો લાભ અને અનાત્માનો પરિહાર; નિજપદની પ્રાપ્તિ અને ભ્રાંતિનો નાશ; આસ્રવનો નાશ ને કર્મની નિર્જરા–એ બધું એક સાથે જ્ઞાનસ્વભાવના અવલંબનથી જ થાય છે. જ્ઞાનસ્વભાવના અવલંબનમાં રાગ–દ્વેષ–મોહની ઉત્પત્તિ થતી નથી તેથી હવે કર્મ નિમિત્ત થતું નથી. આત્મા પોતાના સ્વભાવમાં આવ્યો ત્યાં હવે કર્મ સાથેનો સંબંધ છૂટી ગયો.–આ રીતે સમસ્ત કર્મનો અભાવ થઈને મોક્ષ થાય છે. જ્ઞાનના અવલંબનનું જ આ ફળ છે.

જુઓ, આમાં સાતે તત્ત્વ બતાવી દીધા–

( ૧ ) પ્રથમ તો આત્મા એક જ્ઞાનસ્વભાવી વસ્તુ છે; અને તેનું અવલંબન કરવાથી નિજપદની પ્રાપ્તિ થાય છે એટલે કે આત્માનો લાભ થાય છે. એમ કહીને શુદ્ધ જીવતત્ત્વ બતાવ્યું.

( ૨ ) અનાત્માનો પરિહાર થાય છે એમ કહીને, શુદ્ધ જીવમાં અજીવનો અભાવ બતાવ્યો.

( ૩ ) રાગ–દ્વેષ–મોહ થતા નથી ને કર્મ આસ્રવનું નથી, એટલે શુદ્ધ દશામાં આસ્રવનો અભાવ બતાવ્યો.

( ૪ ) કર્મનો આસ્રવ થતો નથી એમ કહીને સંવર બતાવ્યો.

( ૫ ) ફરી કર્મ બંધાતું નથી–એમ કહીને બંધનો અભાવ બતાવ્યો.

( ૬ ) પૂર્વે બંધાયેલું કર્મ નિર્જરી જાય છે એમ કહીને નિર્જરા તત્ત્વ બતાવ્યું.

( ૭ ) અને સમસ્ત કર્મનો અભાવ થઈને મોક્ષ થાય છે–એમ કહીને મોક્ષતત્ત્વ બતાવ્યું.

આમ જ્ઞાનસ્વભાવના અવલંબનનું ફળ છે. ઉપાદેયરૂપ સંવર–નિર્જરા–મોક્ષ પ્રગટયા, ને હેયરૂપ એવા આસ્રવ–બંધ છૂટયા. અનાત્માથી ભિન્ન ( એટલે જડથી ને રાગાદિથી ભિન્ન ) એવું શુદ્ધ જ્ઞાનમય નિજપદ અનુભવમાં આવ્યું ને આત્માનો લાભ

થયો. આ રીતે જ્ઞાનના અનુભવનો અપાર મહિમા છે. અહો, ચૈતન્યભગવાન અદ્‌ભુત નિધિવાળો જ્ઞાનસમુદ્ર, તે પોતાની સ્વાનુભવપર્યાયમાં ડોલે છે–ઉલ્લસે છે; આનંદસહિત ઊછળતી જ્ઞાનપરિણતિરૂપી તરંગો સાથે તેનો રસ અભિન્ન છે. અહો જીવો ! તમે આવા જ્ઞાનસમુદ્રને દેખો; જ્ઞાનપદના અદ્‌ભુત મહિમાને અનુભવમાં લ્યો.–તેના અનુભવ વડે સર્વ સિદ્ધિ થાય છે.

* અદ્‌ભુત નિધિવાળો ચૈતન્ય–રત્નાકર આનંદથી ડોલે છે *

જેમ સમુદ્રમાં નિર્મળ તરંગ ઉલ્લસે, તેમ સ્વાનુભવથી ચૈતન્યસમુદ્રમાં નિર્મળ જ્ઞાન–આનંદપર્યાયના તરંગો ઉલ્લસે છે...દરિયો ઉછળીને તેમાંથી નિર્મળ દશાઓના ફૂવારા પ્રગટે છે. જે જ્ઞાનરસ છે તે સમસ્ત ભાવોને પી ગયો છે, અનંતગુણનો રસ જ્ઞાનરસમાં સમાય છે; તે જ્ઞાનરસમાં સમસ્ત પદાર્થોને જાણી લેવાની તાકાત છે. સ્વાનુભવ થતાં ચૈતન્યસમુદ્રમાં નિર્મળ–નિર્મળપર્યાયો સ્વયમેવ ઊછળે છે. ચૈતન્ય વસ્તુનું સ્વરૂપ જ એવું છે કે તેનું સ્વસંવેદન થતાં નિર્મળ–નિર્મળપર્યાયોરૂપે તે પરિણમે છે...અહા, સ્વાનુભવમાં આનંદના દરિયા ઉલ્લસે છે. જુઓ આ ચૈતન્યનો રસ ! તે નિર્મળપર્યાયો સાથે અભિન્ન છે. નિર્મળ–નિર્મળ અનેક પર્યાયો થતી જાય છે પણ તે બધી પર્યાયો એક જ્ઞાનસ્વભાવ સાથે અભિન્ન છે તેથી તે પર્યાયો અભેદસ્વભાવને તોડતી નથી પણ તેને અનુભવમાં લઈને પ્રસિદ્ધ કરે છે, તેને અભિનંદે છે–ભેટે છે.

અહો, આ ભગવાન આત્મા અદ્‌ભુત નિધિવાળો ચૈતન્યરત્નાકર છે, ચૈતન્યરત્નોથી ભરેલો અદ્‌ભુત દરિયો છે, તે પોતાના જ્ઞાનપર્યાયોરૂપી તરંગો વડે ડોલે છે, આનંદથી ઉલ્લસે છે. તે જ્ઞાનપર્યાયોરૂપી તરંગ સાથે આત્માનો રસ અભિન્ન છે; ચૈતન્યનો રસ રાગથી તો ભિન્ન છે પણ પોતાની નિર્મળપર્યાયથી અભિન્ન છે. પર્યાય અંદરમાં અભેદ થઈ ત્યાં ચૈતન્યસમુદ્રમાં નિર્મળપર્યાયો આપોઆપ ઉલ્લસે છે, તે જ્ઞાન–આનંદ પર્યાયોમાં ચૈતન્યરત્નાકર ડોલી રહ્યો છે. આમ ધર્મીજીવ પર્યાયેપર્યાયે પોતાના અખંડ ચૈતન્યભગવાનને દેખે છે. અહો, આ ભગવાન આત્મા અદ્‌ભુત ચૈતન્યનિધિવાળો સમુદ્ર છે, અનંત ગુણનાં રત્નોથી તે ભરેલો છે.–આવા તમારા નિજનિધાનને હે જીવો ! તમે અંતરમાં દેખો.

જેમ સ્વયંભૂરમણ સમુદ્ર એવો છે કે જેની રેતી જ રત્નોની બનેલી છે, તેથી સમુદ્રને ‘રત્નાકર’ કહેવાય છે.–પણ એ રત્નો તો જડ છે. સાચો રત્નાકર આ ભગવાન

ચૈતન્યસમુદ્ર છે; તે મહા રત્નાકરમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર–આનંદ વગેરે અનંત ગુણના રત્નો ભરેલા છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને ત્રણ–રત્ન કહેવાય છે, એવા તો અનંતા રત્નોના રસથી આ ચૈતન્યસમુદ્ર ભરેલો છે. અનંતગુણોની નિર્મળપર્યાયો સાથે આ ચૈતન્યનો રસ અભિન્ન છે; એટલે અભેદપણે એક હોવા છતાં નિર્મળપર્યાયપણે તે અનેક થાય છે; આ રીતે એક હોવા છતાં અનેક થતો તે અદ્‌ભુતનિધિવાળો ભગવાન આત્મા પોતાના જ્ઞાનપર્યાયોરૂપી તરંગોવડે ડોલી રહ્યો છે–ઊછળી રહ્યો છે–પરિણમી રહ્યો છે. નિર્મળપર્યાયો અનેક હોવા છતાં તે બધી એક જ્ઞાનમય નિજપદને જ અનુભવે છે–તેમાં જ અભેદ થાય છે; ખંડખંડ પર્યાયરૂપે તે પોતાને નથી અનુભવતી પણ અભેદસ્વભાવમાં એકતા કરીને તે એક સ્વભાવપણે જ પોતાને અનુભવે છે.

હે જીવો ! તમે આવા જ્ઞાનસ્વભાવનો એકનો જ અનુભવ કરો.

રાગ કરવાથી જીવ મેલો થાય છે,
વીતરાગભાવથી જીવ પવિત્ર થાય છે.
દ્વેષ કરવાથી જીવ મેલો થાય છે,
વીતરાગભાવથી જીવ પવિત્ર થાય છે.
મોહ કરવાથી જીવ મેલો થાય છે,
જ્ઞાન કરવાથી જીવ પવિત્ર થાય છે.
ક્રોધ કરવાથી જીવ મેલો થાય છે,
શાંતભાવથી જીવ પવિત્ર થાય છે.
મિથ્યાભાવોથી જીવ મેલો થાય છે,
સમ્યક્‌ત્વાદિ શુદ્ધભાવોથી જીવ પવિત્ર થાય છે.

# શુભરાગની ક્રિયામાં જ્ઞાનનો પ્રકાશ નથી

( સમયસાર ગાથા ૨૦૫ )

મોક્ષાર્થી જીવોએ જ્ઞાનનું જ સેવન કરવું, તેમાં પરમ સુખ છે.
રાગના સેવન વડે કદી મોક્ષની પ્રાપ્તિ થતી નથી.

જેઓ શુભરાગના ક્રિયાકાંડને મોક્ષનું કારણ માની રહ્યા છે ને રાગથી ભિન્ન જ્ઞાનનું સેવન કરતા નથી તે જીવો મોક્ષથી વિમુખ છે, તેઓ વ્યવહાર વ્રત–તપના રાગથી ગમે તેટલો કલેશ ઉઠાવે તોપણ જ્ઞાનના સેવન વગર કોઈ પણ રીતે મોક્ષને પામી શકતા નથી; કેમકે મોક્ષ તો શુદ્ધ જ્ઞાનમય પદ છે, અને તે તો જ્ઞાન વડે જ સ્વસંવેદનમાં આવે છે. જ્ઞાન ગુણ વિના તેની પ્રાપ્તિ થઈ શકતી નથી.

'જ્ઞાનગુણ' એટલે કે, જ્ઞાનસ્વભાવની અનુભવદશારૂપ સમ્યગ્દર્શન–જ્ઞાન –ચારિત્ર તે 'જ્ઞાનગુણ' છે, તેમાં રાગના ક્રિયાકાંડનો અભાવ છે. જ્ઞાન–અનુભવની ક્રિયા તે મોક્ષનું કારણ છે પણ રાગની ક્રિયા તે મોક્ષનું કારણ નથી.–આવા જ્ઞાનસ્વરૂપ નિજપદને ઓળખીને હે જીવો! જ્ઞાન વડે તેનું સેવન કરો.

જગતના ઘણા જીવો તો અજ્ઞાની હોવાથી પોતાના જ્ઞાનમય નિજપદને ઓળખતા નથી, ને અજ્ઞાનમય એવા રાગાદિ ભાવોને જ મોક્ષનું કારણ સમજીને સેવી રહ્યા છે. તેઓ તો રાગ વગરના જ્ઞાનપદને અનુભવતા નથી તેથી મોક્ષને પામતા નથી. પણ જે જીવ મોક્ષાર્થી હોય તે પોતાના જ્ઞાનસ્વભાવને ઓળખીને તેનું જ આલંબન કરો; તેના અનુભવથી જરૂર મોક્ષ પમાય છે.

શુભરાગ વડે જ્ઞાનનો અનુભવ થાય? કદી ન થાય, કેમ કે રાગ તો જ્ઞાનથી વિરુધ્ધ ભાવ છે. રાગની ક્રિયામાંથી જ્ઞાન પ્રગટ કરવા ઈચ્છે છે તે જીવોને જ્ઞાનપદની ખબર નથી, તેઓ તો રાગમાં ને પુણ્યમાં જ સંતુષ્ઠ છે, તેમાં જ લીન છે. હે મુમુક્ષુ! મોક્ષને માટે તું આ જ્ઞાનનો અનુભવ કરીને તેમાં જ તૃપ્ત થા, જ્ઞાનમાં જ સંતુષ્ઠ થા ને જ્ઞાનમાં જ લીન થા.–એમ કરવાથી સાક્ષાત્ ઉત્તમ સુખ તને અનુભવાશે.

રાગમાં જ્ઞાનનો પ્રકાશ નથી,-ગમે તે જાતનો રાગ હો, પૂજનાદિનો હો, પંચમહાવ્રતનો હો કે ગુણ-ગુણી ભેદનો હો, કોઈ પણ રાગમાં જ્ઞાનનું પ્રકાશવું નથી, ને જ્ઞાનમાં રાગની ઉત્પત્તિ નથી.-આમ ભિન્નપણું જાણીને જ્ઞાનમાત્ર આત્માનો અનુભવ કરવો તે જ પરમ સુખ છે, તે જ મોક્ષનો ઉપાય છે.

સાચો આત્મા એટલે કે પરમાર્થ આત્મા તો જ્ઞાનમય છે; જ્ઞાનમય કહેતાં સુખ-શ્રદ્ધા વગેરે અનંત ગુણના રસથી એકરૂપ છે; પણ તે રાગરૂપ નથી. સાચા આત્માના અનુભવમાં જ્ઞાન પ્રકાશે છે, પણ તેમાં રાગનો અનુભવ નથી. માટે હે જીવ! આવા આત્માનો અનુભવ કરવા તું રાગની પ્રીતિ છોડ ને જ્ઞાનસ્વભાવની જ પ્રીતિ કર. – 'આમાં સદા પ્રીતિવંત બન.' જ્ઞાનપણે જે અનુભવમાં આવે છે એટલો જ સત્ય આત્મા છે. જ્ઞાનના અનુભવમાં રાગનો પ્રવેશ નથી માટે રાગ તે ખરેખર આત્મા નથી, એટલે કે તે સાચો આત્મા નથી, તેથી તેને 'અનાત્મા' કહ્યો છે.-તો તે અનાત્મા વડે આત્માની પ્રાપ્તિ કેમ થાય? શુભરાગથી જ્ઞાનનો અનુભવ થશે એમ જે માને છે તે અનાત્માને જ આત્મા માને છે; તે જીવો જ્ઞાનશૂન્ય છે; રાગમાં જ લીન તે જીવો કર્મથી કદી છૂટતા નથી. આ જ્ઞાનસ્વરૂપ નિજપદ છે તે કર્મથી એટલે કે રાગના ક્રિયાકાંડથી કદી પ્રાપ્ત થતું નથી, એ તો રાગથી પાર સહજ જ્ઞાનકળાવડે જ અનુભવમાં આવે છે. માટે મોક્ષાર્થી જીવો સતત નિજજ્ઞાનની કળાના ઉદ્યમથી આ જ્ઞાનસ્વભાવના અનુભવનો અભ્યાસ કરો. વારંવાર જ્ઞાનનો જ અભ્યાસ કરો. સર્વ રાગથી જુદો-જુદો ને જુદો, એમ અત્યંત ભેદજ્ઞાન કરો, ને સદાય જ્ઞાનમય સ્વભાવથી પૂરો-પૂરો ને પૂરો, એમ જ્ઞાનમાં તન્મય થઈને તેનો અનુભવ કરો.

હે મોક્ષાર્થી જીવો! તમે જ્ઞાનનો જ અનુભવ કરો; જ્ઞાનના અનુભવમાં જ પરમ સુખ છે,-એમ આચાર્યદેવ ૨૦૬ મી ગાથામાં કહે છે-

આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને
આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે.

( વિશેષ માટે જુઓ પાનું-૨૧ )

# જ્ઞાનરસનો અત્યંત મધુર સ્વાદ

*** ( સમયસાર કળશ ૧૪૦ ) ***

* આત્માનો સ્વભાવ એક જ્ઞાયકભાવરૂપ છે; રાગ તેના સ્વભાવમાં નથી. રાગમાં ચેતકપણું નથી; ચેતકપણું જ્ઞાનસ્વભાવમાં જ છે. તે જ્ઞાનસ્વભાવનો સ્વાદ મહાન આનંદરૂપ છે.

* તે જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને તેનો સ્વાદ લેનાર જીવ, રાગાદિ અન્ય ભાવોના સ્વાદને જરા પણ આસ્વાદતો નથી; ચૈતન્યના આનંદરસને ચાખનાર જીવ રાગના આકુળરસને જરાપણ ચાખતો નથી.

* બરફની ઠંડીને વેદનારો અગ્નિની ઉષ્ણતાને કેમ વેદે? તેમ ચૈતન્યના બરફ જેવા ઉપશાંત રસને અનુભવનારો જીવ રાગાદિના અગ્નિ જેવા આકુળરસને કેમ અનુભવે? શુભરાગના વેદનમાં પણ આકુળતા છે, શાંતિ નથી; શાંતિ તો ચૈતન્યના વેદનમાં જ છે.

* પર્યાયને અંતરમાં એકાગ્ર કરીને એકલા જ્ઞાનમાત્રભાવને ધર્મી અનુભવે છે કે 'આ જ્ઞાયકભાવ હું છું,'–આવા એક જ્ઞાયકભાવને જ વારંવાર સ્પર્શતો–અનુભવતો જ્ઞાનીજીવ રાગને સ્પર્શતો નથી, તેને પોતાપણે જરાપણ દેખતો નથી. શરીર તો કયાંય આઘું રહ્યું, ને જ્ઞાનના વેદનમાં રાગનોય અભાવ છે.–જ્ઞાનમાં જેવો શરીરનો અભાવ છે એવો જ રાગાદિ ભાવનો અભાવ છે.–આવો એક જ્ઞાનભાવ તે જ આત્મા છે.

* અંતરમાં આનંદના ઘૂંટડા પીતો ધર્મીજીવ રાગના ઝેરનો સ્વાદ કેમ લ્યે? મીઠો દૂધપાક ખાનાર અફીણનો સ્વાદ કેમ લ્યે? અહો, આવા જ્ઞાનભાવમય શુદ્ધ નિજપદ છે, તે જ સ્વાદ લેવા જેવું છે.

* એ આનંદનો સ્વાદ કેવો હશે?

અંતર્મુખ થતાં અનુભવમાં આવે એવો. આવા આનંદનો અનુભવ કરી કરીને અનંતા જીવો સર્વજ્ઞ થયા છે.

* એ સ્વાદ કેમ આવે?

જેમ રાગમાં લીન થઈને તેની આકુળતાનો સ્વાદ લ્યે છે, તેમ ચૈતન્યસ્વભાવમાં લીન થઈને તેના નીરાકુળ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે.

* અહો, આ એક સ્વરૂપજ્ઞાનના રસીલા સ્વાદ આગળ બીજા બધા રસ નીરસ લાગે છે. ચૈતન્યનો વીતરાગી સ્વાદ જેણે ચાખ્યો તેને રાગનો સ્વાદ દુઃખરૂપ લાગે છે. જેને રાગ વગરના ચૈતન્યનું વીતરાગી સુખ ચાખ્યું નથી તે જ શુભરાગમાં ને પુણ્યમાં સુખ માને છે; પણ તેમાં સુખ નથી. સુખ તો આત્માનો સ્વભાવ છે; એક જ્ઞાયકસ્વભાવના અનુભવમાં જે સુખ છે તે સુખ જગતમાં બીજે ક્યાંય નથી; તે ચૈતન્યસુખ પાસે ઇન્દ્રપદની વિભૂતિ પણ તુચ્છ લાગે છે. સમકિતી ઇન્દ્રે પોતાના આત્માના અતીન્દ્રિયસુખનો સ્વાદ ચાખ્યો છે, તે સુખ પાસે ઇન્દ્રપદના જડવૈભવો તેને સાવ નીરસ લાગે છે; શુભરાગનો રસ પણ નીરસ છે,–આકુળતાવાળો છે; તેમાં શાંતિ કે સુખનો સ્વાદ નથી.

* જુઓ તો ખરા, આ વીતરાગી ભેદજ્ઞાન! જેટલા રાગાદિ પરભાવો છે તે બધાયને પ્રજ્ઞાછીણી વડે સર્વથા છેદીને જ્ઞાનથી જુદા પાડવા. અંદર કોઈ રાગના વિકલ્પના એક અંશનીયે મીઠાશ રહી જાય તો શુદ્ધજ્ઞાનનો સ્વાદ તેને નહિ આવે; ભેદજ્ઞાન તેને નહિ થાય.

* આ તરફ અંદરમાં જે શુદ્ધ જ્ઞાયક એક ભાવપણે અનુભવાય છે તે જ હું છું ને એ સિવાય બહારમાં જે કોઈ શરીરાદિ રાગાદિ વિવિધભાવો છે તે બધાય મારાથી અન્ય પરદ્રવ્ય છે, મારા ચૈતન્યલક્ષણથી તેમનું લક્ષણ જુદું છે,–એમ સમસ્ત પરભાવોથી અત્યંત ભેદજ્ઞાન કરીને શુદ્ધ જ્ઞાનનો અનુભવ કરવો તે સિદ્ધાંતનો સાર છે, તે મોક્ષનો માર્ગ છે.

* ચોથા ગુણસ્થાનના સમકિતીએ પણ ચૈતન્યના અતીન્દ્રિય આનંદનો સ્વાદ ચાખ્યો છે; નિર્વિકલ્પ થઈને આનંદનો અનુભવ કર્યો છે. રાગ તે ભૂમિકામાં છે, પણ ભેદજ્ઞાનના બળે તે રાગને જાુદો પાડીને એકલા જ્ઞાયકરસનો સ્વાદ તે લ્યે છે, ને તે સ્વાદને જ પોતાનો જાણે છે.

* શુદ્ધનયનું બળ એવું છે કે અધૂરી પર્યાય હોવા છતાં, અને અશુદ્ધ પર્યાય હોવા છતાં, આત્માને પૂર્ણ–શુદ્ધસ્વરૂપે દેખે છે,–અને એવા આત્માને ધ્યાનમાં ધ્યાવતા જે સાક્ષાત્ આનંદ થાય છે તેને ધર્મી જીવ અનુભવે છે. અજ્ઞાની પોતાને રાગવાળો જ અનુભવે છે, એટલે શુદ્ધસ્વભાવના આનંદનો સ્વાદ તેને આવતો નથી, તેને તો રાગની આકુળતાનો જ સ્વાદ આવે છે.

∗ આત્મામાં સ્વાદ હોય

હા, આનંદરસનો અતીન્દ્રિય સ્વાદ આત્મામાં જ છે, બીજે ક્યાંય નથી. આત્મામાં જડનો ખાટો–મીઠો સ્વાદ ન હોય; તેમજ હર્ષ–શોકના વેદનરૂપ જે દુઃખનો સ્વાદ છે તે પણ આત્માના જ્ઞાનસ્વભાવમાં નથી, જ્ઞાનસ્વભાવમાંથી તો અત્યંત મધુર સ્વસંવેદનરૂપ વીતરાગી આનંદનો સ્વાદ આવે છે. ચૈતન્યરસનો એ સ્વાદ સિદ્ધભગવાન જેવો છે; અંતરના અનુભવ વડે જીવ જ્યારે પોતાના આત્માનો આવો સ્વાદ ચાખે ત્યારે જ તે ધર્મી છે, ને એ આનંદરસનો મહાન સ્વાદ લેતો–લેતો તે સિદ્ધપદને સાધે છે.

## ∗ ચિદાનંદ વસ્તુ ∗

ભૂલમા ભૂલમા ભૂલમા રે
તારી ચિદાનંદ વસ્તુને ભૂલ મા!
પરને પોતાની માન મા રે
તારી ચિદાનંદ વસ્તુને ભૂલ મા!
તારામાં શાંત થા...ધર્માત્મા જીવ થા!
સ્વરૂપ–બહાર તું ભમમા રે.....
તારી ચિદાનન્દ વસ્તુને ભૂલમા...ભૂલમા...
સમ્યગ્દૃષ્ટિ થા...ભ્રમ મટાડી,
આનંદ સ્વરૂપે તું લીન થા રે...
તારી ચિદાનંદ વસ્તુને ભૂલમા...ભૂલમા...
આનંદનો દરિયો જ્ઞાનસ્વરૂપી
ઊછળે એમાં તું મગ્ન થા રે...
તારી ચિદાનંદ વસ્તુને ભૂલમા...ભૂલમા..
આવી ગયો છે અવસર રૂડો
શાંતસ્વરૂપે તું સ્થિર થા રે...
તારી ચિદાનંદ વસ્તુને ભૂલમા...ભૂલમા...

(સમયસાર પ્રવચનો પૃ. ૧૭૫ ઉપરથી)

# જ્ઞાની ખોરાક વગર જ જીવે છે

જ્ઞાનીનું જીવન જ્ઞાનમય છે, રાગમય કે પુદ્‌ગલમય નથી. પોતાના જ્ઞાન ને આનંદના સ્વાદ વડે જ્ઞાની જીવે છે; તેમાં ઈચ્છાનો કે ખોરાકનો અભાવ છે, માટે તેના વગર જ જ્ઞાની જીવે છે.

( સમયસાર ગાથા : ૨૧૨ )

આત્માનો જ્ઞાનસ્વભાવ પરમ સુખથી ભરેલો, તેના અનુભવથી તું તૃપ્ત થા! –એમ ગાથા ૨૦૬ માં કહ્યું. જે જીવ પોતાના આવા સ્વભાવને અનુભવે તે પોતાના સ્વભાવથી જ સ્વયમેવ તૃપ્ત–સંતૃષ્ટ ને સુખી વર્તતો થકો, પરદ્રવ્યને અંશ માત્ર ઈચ્છતો નથી; પરદ્રવ્ય કે તે તરફની ઈચ્છા, તેનો જ્ઞાનમાં અભાવ છે, માટે જ્ઞાનીને તે પરદ્રવ્યની કે ઈચ્છાની પક્કડ નથી, તેનું મમત્વ નથી.

પણ જેને પોતાના આવા જ્ઞાનસ્વભાવનો અનુભવ નથી તે જીવ અતૃપ્તપણે પરદ્રવ્યને ઈચ્છે છે, પુણ્ય–પાપ આહાર–પાણી વગેરેમાં સુખ માનતો થકો તેનું તે મમત્વ કરે છે; એવો જીવ પરદ્રવ્યના પરિગ્રહથી દુઃખી છે, પોતાના આનંદ સ્વભાવનો સ્વાદ તેને આવતો નથી.

જ્ઞાનીએ પોતાના આનંદ સ્વભાવનો સ્વાદ લઈને, નિજનિધાનને ઉપાદેય કર્યું છે, તે બીજા કોઈ પરભાવને કે સંયોગને ઉપાદેયરૂપ માનતો નથી. સ્વવસ્તુને જાણી તે પરવસ્તુને કેમ ઈચ્છે? એટલે કે તેને પોતાની કેમ માને? ન જ માને. શુદ્ધ ચૈતન્યમય આનંદભાવ તેમાં જ ધર્મીને સ્વપણું છે, એટલે તેનો જ તેને પરિગ્રહ છે; રાગમાં સ્વપણું નથી, આહારની ઈચ્છામાં સ્વપણું નથી એટલે તેનો પરિગ્રહ તેને નથી. સમ્યગ્દ્રષ્ટિ–ચક્રવર્તીને છખંડનો પરિગ્રહ નથી પણ પોતાના શુદ્ધ જ્ઞાન–આનંદરૂપ નિજવૈભવનો જ પરિગ્રહ છે. અજીવનો પરિગ્રહ જીવને કેમ હોય? ચેતનથી ભિન્ન એવા અચેતનનો–રાગનો પરિગ્રહ જ્ઞાનીને કેમ હોય? તે જ્ઞાનને અને રાગને એક નથી કરતો પણ જુદા જ રાખે છે. હું પોતે ચૈતન્યનિધાનથી પરિપૂર્ણ છું, હું જ સુખસ્વરૂપ છું, પછી બીજા પદાર્થોનું મારે શું કામ છે?–આમ જાણતો જ્ઞાની ઈચ્છાનો કે કોઈ પણ પર પદાર્થનો પરિગ્રહ કરતો નથી.

અહો, જ્ઞાનીની જ્ઞાનપરિણતિ અલૌકિક છે! સંયોગથી તેનું માપ થતું નથી; રાગથી તેનું માપ થતું નથી; સંયોગથી ને રાગથી પાર એવું જ્ઞાન છે, તેની ઓળખાણ વડે જ જ્ઞાનીની ઓળખાણ થાય છે.

અહીં કહે છે કે જ્ઞાની આહારને ઈચ્છતો નથી. પોતાના આત્માના આનંદરસનો સ્વાદ લેનાર ધર્મી જીવ પુદ્ગલમય આહારનો જડ સ્વાદ કેમ લ્યે? અકષાયરૂપ શાંત વીતરાગ આનંદમય એવા આત્મભાવનો આહાર (અનુભવ) જ્ઞાનીને છે; જડ ખોરાકનો આહાર જ્ઞાનીને નથી, જડ ખોરાકનો કણીયો પણ આત્મામાં પ્રવેશતો નથી.

–તો શું જ્ઞાની આહાર વગર જીવે છે?

–હા; પોતાનો ચેતનમય જ્ઞાનભાવ તેના વડે જ્ઞાની જીવે છે, પુદ્ગલવડે જ્ઞાની જીવતા નથી. જીવવું એટલે વિદ્યમાન રહેવું. જ્ઞાનભાવમાં આત્માનો સદ્ભાવ છે, જ્ઞાનપ્રાણવડે આત્માનું જીવન છે, જ્ઞાનમાં આત્માનું વિદ્યમાનપણું છે; તેને ટકવા માટે પુદ્ગલના આહારની જરૂર નથી. અરે, જ્ઞાનમય આત્મા, તેમાં રાગનોય પ્રવેશ નથી, ત્યાં જડનો પ્રવેશ કેવો? આવું જ્ઞાનમય જીવન તે જ જ્ઞાનીનું જીવન છે. જેમ સિદ્ધભગવંતોનું જીવન અતીન્દ્રિય જ્ઞાનમય છે, તેમ ચોથા ગુણસ્થાનવર્તી જ્ઞાનીનું જીવન પણ એવું જ અતીન્દ્રિય જ્ઞાનમય છે.

અહો, મારી વસ્તુ આવા જ્ઞાન–આનંદમય, તેના મહિમાની શી વાત! જેમ શ્રવણબેલગોલના પહાડ ઉપર બાહુબલી ભગવાન કેવા ઊભા છે! જાણે પવિત્રતાનો મોટો પિંડ! તેમ આ અસંખ્યપ્રદેશી આત્મા પણ કેવળજ્ઞાનના અનંત પ્રકાશથી ભરેલો, જ્ઞાન–આનંદથી પરિપૂર્ણ અદ્ભુત નિધાનવાળો છે, તેના મહિમાનું શું કહેવું? તેના વૈભવનું શું કહેવું? આવો આત્મા જેણે પોતામાં દેખ્યો તે પોતાના જ્ઞાન–આનંદના અનુભવરૂપ જીવન જીવે છે,–એ જ જ્ઞાનીનું જીવન છે. રાગ વગર હું નહીં જીવી શકું–કે ખોરાક વગર હું નહીં જીવી શકું એવી મિથ્યાબુદ્ધિ જ્ઞાનીને હોતી નથી. શરીર જ હું નથી, ત્યાં ખોરાક મારામાં કેવો? ને ઈચ્છાઓ મારા જ્ઞાનમાં કેવી? જ્ઞાનનું જીવવું, જ્ઞાનનું ટકવું તેમાં તો ઈચ્છાનો અને જડનો અભાવ છે. જો જ્ઞાનમાં ઈચ્છાનો કે જડનો પ્રવેશ થાય તો, આત્માનું અસ્તિત્વ જ્ઞાનરૂપ ન રહેતાં, જડરૂપ ને રાગરૂપ થઈ જાય, એટલે કે ભાવમરણ થાય. આહારવડે ને ઈચ્છા વડે પોતાનું જીવન માને તે જ્ઞાની નથી; તે તો અજ્ઞાનથી ભાવમરણ કરી રહ્યો છે. હું તો જ્ઞાન છું, જ્ઞાનમાં તો આનંદનો ખોરાક છે, જ્ઞાન તો નિત્ય–આનંદને ભોગવનારું છે;

'आनंदामृत–नित्यभोजि' એટલે કે જ્ઞાનીનું જ્ઞાન સદાય પોતાના આનંદરૂપી અમૃતનું ભોજન કરનારું છે.–એ સિવાય રાગનો કે પુદ્‌ગલનો ભોગવટો જ્ઞાનમાં કદી નથી.

આ રીતે જ્ઞાનીનું જીવન જ્ઞાનમય છે, રાગમય કે પુદ્‌ગલમય નથી. પોતાના જ્ઞાન ને આનંદના સ્વાદ વડે જ્ઞાની જીવે છે; તેમાં ઈચ્છાનો કે ખોરાકનો અભાવ છે, માટે તેના વગર જ જ્ઞાની જીવે છે.–આવું જ્ઞાનીનું જીવન છે, આવી અંતર્દશા વડે જ જ્ઞાની ઓળખાય છે.

## જ્ઞાની ચૈતન્યરસનું પાન કરે છે, જડનું નહીં

– ( સમયસાર ગા. ૨૧૩ ) –

'દૂધ–પાણી–ઠંડા પીણાં–શેરડીનો રસ વગેરે પાન, તેને ધર્મી ઈચ્છતો નથી' એટલે શું? કે જેણે ચૈતન્યના નિર્વિકલ્પ આનંદરસનું પાન કર્યું છે તે પોતાના જ્ઞાનરસમાં ઈચ્છાને કે બહારનાં પીણાંને ભેળવતો નથી. હું તો જ્ઞાનરસ છું; જડના રસ મારામાં નથી, ને તે તરફના રાગરૂપ ઈચ્છા, તે રાગનો રસ પણ મારા ચૈતન્યરસમાં નથી.–આમ ચૈતન્યરસપણે જ ધર્મી પોતાને અનુભવે છે. દૂધ–પાણી વગેરે જડના રસપણે ધર્મી પોતાના આત્માને અનુભવતો નથી, તેમાં પોતાનું સુખ દેખતા નથી. નિર્વિકલ્પ ચૈતન્યના શાંતરસના વેદનનું જે સુખ છે તેને જ જ્ઞાની અનુભવે છે. તે અનુભવ પાસે આખા જગતના રસ તેને નીરસ લાગે છે.

શું ધર્મી પાણી નથી પીતા?

–ના; શું પાણીના રજકણો ધર્મીની જ્ઞાનપરિણતિમાં પ્રવેશી જાય છે? સંયોગમાં પાણી પીવાની ક્રિયા ભજતી હોય ત્યારે ધર્મી તે પાણીથી ભિન્ન ચિદાનંદભાવને જ પોતાપણે કરે છે. પાણી તે હું છું કે પાણીની ઈચ્છા તે હું છું–એમ ધર્મી કદી અનુભવતા નથી એટલે તેને તે પોતામાં ગ્રહણ કરતા નથી, માટે તેને તેનો પરિગ્રહ નથી. અરે જીવ! આવું ભેદજ્ઞાન કરીને, જડથી ભિન્ન તારા ચૈતન્યરસનો સ્વાદ કેવો છે તેને તો જાણ. એકવાર સમસ્ત પરભાવોથી જુદા પડીને તારા નિજભાવને અનુભવમાં લે.–તેમાં પરમ આનંદ છે. આવા અનુભવથી જ ધર્મીપણું થાય છે.

આહાર–પાણી શરીરમાં જવાની ક્રિયા થતી હોય, તે પ્રકારનો રાગ થતો હોય, ત્યાં તે ક્રિયાને ધર્મી જીવ કરે છે–એમ તમે ન દેખો, ધર્મીજીવ તે ક્રિયારૂપે કે રાગરૂપે

પરિણમે છે–એમ ન જુઓ; પણ તે જ ક્રિયાના કાળે, આહાર–પાણીના તે પુદ્ગલોથી જુદી, અને તે તરફના રાગથી પણ સાવ જુદી, એવી અંતરંગ ચૈતન્યપરિણતિરૂપે જ્ઞાની પરિણમે છે, તે ક્રિયાના કર્તાપણે ધર્મીને દેખો.–આ રીતે ધર્મી જીવને તેની નિર્મળ જ્ઞાનપરિણતિમાં દેખવા તે જ તેની સાચી ઓળખાણ છે. રાગમાં કે જડની ક્રિયામાં ધર્મીને જોવા–તે સાચી દ્રષ્ટિ નથી, તે દ્રષ્ટિમાં જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન નથી. અહા, રાગથી જુદું પરિણમતું ધર્મીનું જ્ઞાન, તે ભેદજ્ઞાનદ્રષ્ટિ વગર ઓળખાય તેવું નથી. જ્ઞાન–વૈરાગ્યસંપન્ન ધર્મી જીવની અલૌકિક દશા છે. સમસ્ત પરભાવોથી ઉદાસીન જ્ઞાનનું અચિંત્ય સામર્થ્ય છે કે જે આત્માને રાગથી પણ અલિપ્ત જ રાખે છે, ને સમસ્ત પરભાવોને પારકા જાણીને છોડે છે. આ રીતે પર્યાયેપર્યાયે પરભાવોથી ઉદાસીન વર્તતું અને પરમ જ્ઞાનમય નિજભાવને અવલંબતું તે જ્ઞાન, અતીન્દ્રિય આનંદનો અનુભવ કરતું કરતું કેવળજ્ઞાનને સાધે છે.

–આવું જ્ઞાન તે જ્ઞાનીનું કામ છે, તેના વડે જ્ઞાની ઓળખાય છે. ‘जय ज्ञान।’

આતમરસનો સ્વાદ લેનારા એ જ્ઞાનીને વંદન;
સમકિત પામી સ્વરૂપ સાધ્યું એને હો અભિનંદન.
અંતર્મુખી જીવન એનું વહે ઝરણાં આનંદનાં;
સિદ્ધપદનાં એ સાધક સંતો ચાખે સુખ ચેતનાં.

## આરાધનાનો ઉદ્યમ

* સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર અને તપને નિર્દોષપણે–ઉજ્જવળપણે ધારણ કરવા તેનું નામ ઉદ્યોતન છે.

* જે માર્ગે–જે ઉપાયથી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર–તપરૂપ આરાધનાની પોતાને પ્રાપ્તિ થાય, અને તેની અધિક અધિક વિશુદ્ધિ થાય તે માર્ગમાં પ્રવર્તવું, તથા આરાધના–ધારક ધર્માત્માઓની સંગતિ કરવી, તેમાં જ મન–વચન–કાયાની પ્રવૃત્તિ કરવી, તથા આરાધનાનાં જે કારણો હોય તેનું ગ્રહણ અને જે બાધક હોય તેનો ત્યાગ કરવો,–આમ જે રીતે આરાધના થાય તેવો ઉદ્યમ કરવો તેનું નામ આરાધનાનું ઉદ્યમન છે.

# ચૈતન્યમય જીવનું રાગથી અત્યંત જુદાપણું

આવું તત્ત્વ તીર્થંકરના શ્રીમુખથી આવ્યું...સંતોએ ઝીલ્યું...ને શાસ્ત્રોમાં ગૂંથ્યું

( ૧૬ બોલદ્વારા રજુ થતી ૧૬ આની વાત )

( ૧ ) શુદ્ધજ્ઞાનમય જીવ છે; અને સમ્યગ્દર્શન–જ્ઞાન–આનંદ તે જીવનાં પરિણામ છે.

( ૨ ) કર્મ કે શુભરાગ, તે જીવનાં પરિણામને જાણતાં નથી, તેમજ પોતે પોતાને પણ જાણતાં નથી, કેમકે તેમનામાં ચેતનપણું નથી.

( ૩ ) અચેતન એવા રાગાદિ પરિણામો, તે જીવના નિર્મળ જ્ઞાનપરિણામને ઉપજાવી શકતા નથી.

( ૪ ) જ્ઞાનસ્વરૂપ આત્મા જ પોતાના જ્ઞાનપરિણામરૂપે ઊપજે છે, રાગ તેને ઉપજાવતો નથી, એટલે રાગના આશ્રયે તેની ઉત્પત્તિ નથી.

( ૫ ) તેમજ, જ્ઞાનપરિણામરૂપે ઊપજતો તે આત્મા, પોતામાંથી રાગાદિને ઉપજાવતો નથી, રાગપણે પોતે ઊપજતો નથી.

( ૬ ) જેમ માટીનું અને કુંભારનું પરિણમન જુદું છે. તેમ રાગાદિનું અને જ્ઞાનનું પરિણમન જુદું છે. માટીને પોતાના પરિણામરૂપ ઘડા સાથે એકતા છે તેમ આત્માને પોતાના જ્ઞાનપરિણામ સાથે એકતા છે.

( ૭ ) જ્ઞાનીનો આત્મા જ્ઞાનપરિણામ સાથે જ તન્મય થઈને પરિણમે છે, બીજા કોઈ પરભાવમાં તેનાં પરિણામ તન્મય થતાં નથી. આવા જ્ઞાનપરિણામ વડે જ્ઞાની ઓળખાય છે.

( ૮ ) ચેતનનાં પરિણામ રાગને સ્પર્શતા નથી, તે રાગથી જુદા રહે છે ને ચૈતન્યસ્વભાવને સ્પર્શે છે, ચૈતન્યસ્વભાવ સાથે તેની એકતા છે.

( ૯ ) પરભાવોથી ભિન્નતા, ને નિજસ્વભાવ સાથે એકતા, એવી દશારૂપે ધર્મી જીવ પરિણમે છે; અને તે જ આત્માનું ખરૂં સ્વરૂપ છે.

( ૧૦ ) તીર્થંકરના શ્રીમુખથી જે તત્ત્વ આવ્યું તે ઝીલીને સંતોએ અનુભવ્યું ને શાસ્ત્રમાં ગૂંથ્યું. તેમાં કહેલો શુદ્ધઆત્મા જ્ઞાનપરિણામવાળો જ છે. આવા આત્માને અનુભવમાં લેવો તે ધર્મ છે, તે ભગવાનનો માર્ગ છે.

( ૧૧ ) જેમ જડ દ્રવ્ય વડે ચેતનની ઉત્પત્તિ થતી નથી, તેમ રાગ વડે જ્ઞાનની ઉત્પત્તિ થતી નથી, કેમકે બંને ભિન્ન છે.

( ૧૨ ) જો શુભરાગ વડે જ્ઞાનની કે મોક્ષમાર્ગની ઉત્પત્તિ થાય, તો રાગ અને જ્ઞાન એક થઈ જાય.–અને એમ થાય તો, આત્મા જ્ઞાનમય ન રહેતાં આત્મા રાગમય થઈ જાય.–તો પછી રાગથી જુદો આત્મા અનુભવી જ ન શકાય! એટલે વીતરાગી મોક્ષમાર્ગનો જ અભાવ થઈ જાય.–પણ એવું વસ્તુસ્વરૂપ નથી. રાગથી જુદો જ્ઞાનમય આત્મા અનુભવાય છે; રાગવડે જ્ઞાનની ઉત્પત્તિ કદી થતી નથી.

( ૧૩ ) સમ્યગ્દર્શન પર્યાય થાય તેમાં શરૂમાં, વચમાં કે અંતમાં ક્યાંય રાગ છે?

–તો કહે છે કે ના; તેમાં ક્યાંય રાગ નથી; સમ્યગ્દર્શનમાં સર્વત્ર જ્ઞાનમય શુદ્ધઆત્મા જ છે; આત્મા જ તે પર્યાયમાં પ્રસર્યો છે, તેમાં રાગ નથી પ્રસર્યો. રાગથી તો તે સમ્યગ્દર્શનાદિ પરિણામો અત્યંત જુદા જ છે.

( ૧૪ ) સમ્યગ્દર્શનાદિ પરિણામ, અને રાગ,–એ બંનેનો એક કાળ હોય તેથી શું? તેથી કાંઈ તેઓ એકબીજાને કરતાં નથી. સમ્યગ્દર્શન રાગને ઉપજાવતું નથી ને રાગવડે સમ્યગ્દર્શન ઊપજતું નથી. ધર્મીને તે રાગ રાગપણે ઊપજતો દેખાય છે, પણ કાંઈ જ્ઞાનપણે તે દેખાતો નથી. માટે ધર્મી તે રાગને કરતો નથી, તે તો જ્ઞાનપણે ઊપજતો થકો જ્ઞાનને જ કરે છે.

( ૧૫ ) ભેદજ્ઞાનના એક જ ઘા વડે રાગ અને જ્ઞાનના બે કટકા થઈ જાય છે. પ્રજ્ઞાછીણીના ઘા વડે જ્ઞાન અને બંધભાવ સર્વથા જુદા પડી જાય છે. ભેદજ્ઞાન રાગને અને ચેતનને સર્વથા જુદા જાણે છે, તેમનામાં જરાય એકતા દેખતું નથી. એ રીતે ભિન્ન જાણીને અંતરમાં જ્ઞાનસ્વરૂપપણે જ તે પોતાને અનુભવે છે. –આવા અનુભવ વડે બંધન છેદાય છે ને મુક્તિ થાય છે.

( ૧૬ ) પરદ્રવ્ય તરફ ઝુકતા જે રાગાદિ પરિણામો, તેના વડે જીવના સમ્યગ્દર્શનાદિ ભાવો કરાતા નથી; આત્માના જ્ઞાનસ્વભાવ વડે જ તે ભાવો કરાય છે. એટલે કે તે સમ્યગ્દર્શનાદિને રાગ સાથે જરાય એકતા નથી પણ ભિન્નતા છે; જ્ઞાનસ્વભાવ સાથે જ તેને એકતા છે. આમ નિજસ્વભાવ સાથે એકતાને અનુભવતો જીવ જ્ઞાની છે.

આ સોળ બોલ વડે ભેદજ્ઞાન કરીને, જ્ઞાન અને રાગનું સર્વથા જુદાપણું અનુભવતાં સોળઆની એવું સિદ્ધપદ પ્રગટે છે.

( સમયસાર ગાથા ૭૫ થી ૭૯ ના પ્રવચનમાંથી )

# જ્ઞાનીના આત્મ-અનુભવનો મહિમા

## -અને-

# એવા આત્મઅનુભવની પ્રેરણા

**(આસો વદ ચોથનું પ્રવચનઃ સમયસાર ગાથા ૨૦૬)**

**સુખી થવા માટે, આચાર્યદેવ કહે છે કે હે જીવ! જેટલો જ્ઞાનનો અનુભવ છે તેટલો જ સાચો આત્મા છે એમ જાણીને તું આત્માની પ્રીતિ કર....આત્માના અનુભવમાં જ સંતુષ્ઠ થા; તેમાં જ તૃપ્ત થા....એટલે કે તું આત્મામાં જ ગમાડ.–એમ કરવાથી તારા અંતરમાં પરમસુખનો તને અનુભવ થશે.**

પહેલાં તો જ્ઞાનની કળા વડે એવું ભેદજ્ઞાન કરો કે જે જ્ઞાન છે તે આત્મા છે, ને રાગ તે આત્મા નથી. પરદ્રવ્ય તરફની વૃત્તિ અશુભ હો કે શુભ–તે આત્મા નથી, સ્વપણે અનુભવાતું જ્ઞાન તે આત્મા છે. આવા જ્ઞાનના સ્વસંવેદનની કળા તે મોક્ષની કળા છે. આત્માના અનુભવની આ કળા તે જ સાચી કળા છે, તેનો વારંવાર અભ્યાસ કરવા જેવું છે. દુઃખથી છૂટવું હોય ને સુખી થવું હોય તો પરભાવોથી ભિન્ન આત્માને જાણીને તેનો જ અભ્યાસ કરવા જેવો છે. તે અભ્યાસ કઈ રીતે કરવો તે વાત આ ૨૦૬ મી ગાથામાં આચાર્યદેવ સમજાવે છે–

આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને
આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે.

તારી ચીજ તો જ્ઞાનસ્વરૂપ આત્મા છે; શરીરાદિ કાંઈ તારી ચીજ નથી; રાગાદિ આકુળતાજનક ક્ષણિક ભાવો તે પણ કાંઈ જીવપણે અનુભવાતા નથી, તેઓ પણ ખરેખર જીવ નથી. તો સાચો જીવ કેવો છે? કે જેટલું સત્ય આ અનુભવમાં આવતું જ્ઞાન છે એટલો જ સત્ય આત્મા છે. માટે હે ભવ્ય! તું આવા આત્મામાં જ રતિ કર, તેનો જ પ્રેમ કર, તેની પ્રીતિ કર. 'જેટલું જ્ઞાન તેટલો સાચો આત્મા' એમ કહીને બીજા બધા પરભાવો કાઢી નાંખ્યા.

જેમ સાકર કેટલી?–કે જેટલું ગળપણ છે તેટલી; કચરો કે મેલ તે સાકર નથી; તેમ આત્મા કેટલો? કે જેટલું જ્ઞાન છે તેટલો સાચો આત્મા છે; જડનો સંયોગ કે રાગાદિ મેલ તે આત્મા નથી. 'આ જ્ઞાનમય વસ્તુ જ હું છું' એમ નક્કી કરીને તેમાં પ્રેમ કર. સંયોગને અને પુણ્ય–પાપના ભાવોને પોતાનાં માનીને તેનો અનાદિથી પ્રેમ કરી કરીને દુઃખી થયો, પણ તે તારાં ન હતાં. તેને જુદા જાણીને તેનો પ્રેમ છોડ; ને આત્માને જ્ઞાનમય જાણીને તેનો પ્રેમ કર, તો તને ઉત્તમ સુખ થશે. પરદ્રવ્યનો પ્રેમ તે દુર્ગતિ છે –સંસાર છે; સ્વદ્રવ્યનો પ્રેમ તે સુગતિ છે, સુગતિ એટલે મોક્ષ.–તે પરના આશ્રયે ન થાય; મોક્ષ તો જ્ઞાનમય સ્વદ્રવ્યના જ આશ્રયે થાય છે.

જ્ઞાન ને આત્મા, એટલે ગુણ ને ગુણી, તે એક ચીજ છે, તેટલો જ સાચો આત્મા છે. રાગને આત્મા તે એક ચીજ નથી. રાગમાં તન્મયતા વડે આત્મા અનુભવાતો નથી, જ્ઞાનમાં તન્મયતા વડે આત્મા અનુભવાય છે. રાગની પ્રીતિ કરીશ તો આત્માની પ્રીતિ નહીં રહે. રાગને સાધન બનાવીને તેનાથી આત્માનું કલ્યાણ માને તો તે જીવને રાગનો પ્રેમ છે, તેને ચૈતન્યસ્વરૂપ આત્માનો પ્રેમ નથી. અરે, હજી તો બહારના ભપકામાં આત્મા અર્પાઈ જાય તે અંદરમાં ચૈતન્યસ્વરૂપનો પ્રેમ ક્યારે કરે? ઘણા જીવોને તો ચૈતન્યસ્વરૂપ આત્માની વાત સાંભળવાનીયે ફૂરસદ નથી, સંસારના તીવ્ર પ્રેમમાં ડુબેલા છે. એવા જીવો તો મહા દુઃખી છે.

ભાઈ, બહારના સંયોગમાં કે પુણ્યના ઠાઠમાં આત્માનું કાંઈ કલ્યાણ નથી; જ્ઞાનના અનુભવથી જ કલ્યાણ છે. જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ તે જ સાચું કલ્યાણ છે. અરે, રાગનો પ્રેમ તે તો કુશીલ છે, શુભરાગનો–પુણ્યનો પ્રેમ તે પણ કુશીલ છે, તે પણ સંસારમાં રખડાવનાર છે, ભલે સ્વર્ગનો ભવ કરાવે પરંતુ તે પણ સંસાર છે, તેમાં જરાય કલ્યાણ નથી. પાપ અને પુણ્યથી પાર એવો જે સહજ જ્ઞાનસ્વભાવ, તે સ્વભાવ જેને ગમે તે રાગનો પ્રેમ ન કરે; જ્ઞાનનો જ પ્રેમ કરીને તેનો અનુભવ કરતાં અપૂર્વ આનંદનો અનુભવ થાય છે,–કે જે આનંદની પોતાને તત્ક્ષણ ખબર પડે છે.

ભાઈ, તારું સારું કરવું છે ને! કલ્યાણ કરવું છે ને! હા; તો સારું અને કલ્યાણ તે તો આત્માનું જ્ઞાન જ છે; રાગ સારો નથી, રાગ તે કલ્યાણ નથી. જન્મ–મરણના કલેશથી છૂટવું હોય, ને મોક્ષનું અવિનાશી કલ્યાણ જોઈતું હોય તેણે પોતાના જ્ઞાનસ્વરૂપ આત્માને જ કલ્યાણરૂપ જાણીને તેમાં સંતુષ્ઠ થવું. રાગમાં કદી સંતોષ થાય તેવું નથી, તેમાં તો વિષયોની ઈચ્છા ને આકુળતા જ છે; રાગ પોતે જ આકુળતા છે તો તેમાં સંતોષ કેવો? જ્ઞાન છે તે નિરાકુળ છે, માટે તેના અનુભવથી જ સંતોષ પામ. આ ભગવાન આત્માનો પ્રેમ કરીને તેમાં સંતોષ પામ. જ્યાં અનંત સુખસ્વભાવથી ભરેલો પોતાનો આત્મા જોયો ત્યાં ધર્મીને પરમ સંતોષ છે; હવે બીજા કોઈ પરભાવની અભિલાષા રહેતી નથી. અચિંત્ય શક્તિથી ભરેલો આત્મા, તેના અનુભવમાં સર્વ પ્રયોજનની સિદ્ધિ છે, પછી બીજાને જ્ઞાની કેમ ઈચ્છે? મારું સુખ, મારો આનંદ, મારું કલ્યાણ, મારું જ્ઞાન–બધું મારામાં પરિપૂર્ણ છે, એમ જ્યાં આત્માને અનુભવમાં લીધો ત્યાં જ્ઞાનીને પોતાના આત્મા સિવાય બીજું કાંઈ જ સાધ્ય નથી, બીજા કોઈ પદાર્થમાં સુખબુદ્ધિ નથી.

આવા આત્માના અનુભવરૂપ જે જ્ઞાન છે તે જ સાચું કલ્યાણ છે.–માટે આવા આત્મામાં તું ગમાડ...આવા આત્માને તું વહાલો કર, ને તેમાં જ સંતુષ્ટ થા. રાગને વહાલો ન કર; વ્યવહારને વહાલો ન કર; બહારના કોઈ ભાવોને વહાલા ન કર; કેમકે તેમાં કલ્યાણ નથી. આત્માના જ્ઞાનાનંદ સ્વભાવને જ વહાલો કરીને તેનો અનુભવ કર, એ જ કલ્યાણ છે, એ જ મોક્ષમાર્ગ છે, એ જ પરમ સુખ છે. બીજે ક્યાંય સુખ શોધવા જઈશ મા.

આત્માને ભૂલીને અનંતવાર શુભરાગ પણ જીવે કર્યો, દેવલોકમાં અનંતવાર ગયો, પણ તેને કદી સંતોષ ન થયો, કેમકે સાચો સંતોષ તો જ્ઞાનમાં જ છે. રાગમાં કદી સંતોષ છે જ નહીં. રાગમાં તો દુઃખ જ છે, બળતરા છે. શાંતરસનો પિંડ આત્મા છે તેના અનુભવમાં જ સાચો સંતોષ છે; ત્યાં જગતના કોઈ પદાર્થોની અભિલાષા રહેતી નથી. બહારના અમુક પદાર્થ મળે તો સંતોષ થાય-એવું આત્માનું સ્વરૂપ નથી. જ્ઞાનસ્વરૂપ આત્મા સ્વયમેવ પોતાથી જ સંતોષસ્વરૂપ છે. સંતોષ કહો કે આનંદ કહો; આ જ્ઞાનસ્વરૂપ આત્માનો જેટલો અનુભવ છે તેટલો આનંદ છે, તેટલું કલ્યાણ છે, તેટલો સંતોષ છે.

અહો, આ જ્ઞાનસ્વરૂપ જ અનુભવ કરવા જેવું છે.

તેના અનુભવથી જ હે જીવ! તું સદા તૃપ્ત થા.

આત્માના કલ્યાણ માટે શું કરવું તેની આ વાત છે; આત્મા જ્ઞાનમાત્ર છે; જ્ઞાન તે આત્મા છે; જ્ઞાનથી વિરુધ્ધ એવા રાગાદિ કોઈ ભાવો તે સાચો આત્મા નથી.-આમ આત્માને જાણીને, તેનો પરમ પ્રેમ કરીને, તેમાં સંતોષ પામ, અને તેના જ અનુભવથી તૃપ્ત થા.-આમ આત્મામાં રત, આત્માથી સંતુષ્ટ અને આત્માથી તૃપ્ત એવા તને વચનથી અગોચર સુખ થશે. અને તે અતીન્દ્રિય સુખ તત્ક્ષણે તને અનુભવાશે; પોતાના અનુભવની પોતાને જ ખબર પડે છે, બીજાને પૂછવું નથી પડતું. 'મને આનંદનો અનુભવ થયો કે નહીં' એમ કોઈને પૂછવું ન પડે; અંતરમાં ઉપયોગને વાળીને, તે 'આત્મઉપયોગ' વડે આત્માને પકડયો ત્યાં કોઈ અચિંત્ય આનંદ અનુભવાય છે, તેને ધર્મી જ જાણે છે. અહો! આવો આત્મા જ અનુભવ કરવા જેવો છે.

ધર્મી મુમુક્ષુઓએ અનુભવ કરવા જેવું કાંઈ હોય તો આ આત્મા જ છે. એના જ અનુભવથી સર્વદુઃખ મટીને પરમ આનંદ થાય છે. રાગાદિ પરભાવોના અનુભવમાં તો આકુળતા છે, દુઃખ છે. તેનાથી રહિત એવું જ્ઞાન જ અનુભવ કરવા જેવું છે. અતીન્દ્રિય સુખ કહો કે પરમ આનંદ કહો, તે આત્માના અનુભવમાં જ છે. આવો અનુભવ તે જ મોક્ષનો માર્ગ છે. તે જ અમૃતમાર્ગ છે; તે જ ચિંતામણી-રત્ન છે કે જેના વડે ઈચ્છિત પદ

( સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન ) પમાય છે. આવા જ્ઞાનસ્વરૂપના અનુભવ વગર બીજા ગમે તે ઉપાય કરવામાં આવે તે બધો રાગ છે–દુઃખ છે–સંસાર છે; તેમાં ક્યાંય તૃપ્તિ નથી, શાંતિ નથી, તેમાં તો આકુળતા છે. જેના વેદનથી તૃપ્તિ થાય એવું પરમ સુખ આત્માના અનુભવમાં જ છે. માટે આચાર્યદેવ કહે છે કે હે જીવ! જ્ઞાનસ્વરૂપ આત્માને ઓળખીને તેની પ્રીતિ કર, તેમાં સંતુષ્ટ થા, તેનો જ અનુભવ કરીને તૃપ્ત થા...એટલે તને પરમ આનંદ થશે.

### * આત્મ અનુભવનો અપાર મહિમા *

જ્ઞાનના અનુભવનો અપાર મહિમા છે. આચાર્યદેવ કહે છે કે અહો! આ જ્ઞાનસ્વરૂપ આત્મા ધર્મીના અનુભવમાં આવ્યો તે પોતે જ અચિંત્ય શક્તિવાળો દેવ છે; તે ચૈતન્યચિંતામણિ છે; જેમ ચિંતામણિ વડે ઈચ્છિતવસ્તુ મળે છે, તેમ આ આત્મા ચૈતન્યચિંતામણિ છે, તેના સેવન વડે (ઈચ્છા વિના જ) સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાનના સર્વે પ્રયોજન સિદ્ધ થઈ જાય છે. જ્યાં સર્વસિદ્ધિ કરનારો પોતાનો આત્મા જ અનુભવમાં આવ્યો ત્યાં હવે બહારના બીજા કોઈ પદાર્થોના પરિગ્રહથી કે સંકલ્પ–વિકલ્પોથી ધર્મીને શું પ્રયોજન છે? જ્ઞાનમૂર્તિ આત્મા પ્રાપ્ત થયો તેમાં બધું આવી ગયું, હવે બહારના કોઈ ભાવની વાંછા ધર્મીને નથી, ક્યાંય અંશમાત્ર આત્મબુદ્ધિ રહી નથી. અહો, આવા આત્મઅનુભવનો અપાર મહિમા છે.–આ અનુભવ કરવો તે જ કરવાનું છે, બીજું કાંઈ કરવાનું નથી. સુખ–આનંદ કે મોક્ષ આવા અનુભવમાં જ છે. અહો, જ્ઞાનીએ આવો અનુભવ કરીને પોતામાં ચૈતન્યચિંતામણિ પ્રાપ્ત કર્યો છે. સર્વજ્ઞશક્તિવાળો ચૈતન્યદેવ હું છું–એમ જેણે અનુભવ્યું તેને હવે બીજા કોની સેવા કરવાનું રહ્યું? સમ્યગ્દર્શન થયું ત્યાં અનંતનિધાનવાળો આખો આત્મા ધર્મીએ પકડી લીધો; આનંદનો સાગર, જ્ઞાનનો પિંડ આત્મા તે ધર્મીનો પરિગ્રહ છે, એ સિવાય બીજા કોઈ પદાર્થનો પરિગ્રહ ધર્મીને નથી.

જેણે સમ્યગ્દર્શન વડે આવો આનંદમય આત્મા અનુભવ્યો તે ધર્મી થયો, સર્વસિદ્ધિસંપન્ન એવો ચૈતન્યદેવ તેણે પોતામાં જ દેખ્યો. વિભાવનું

પડખું છોડીને, ચિદાનંદસ્વભાવનું પડખું સેવતાં જે આનંદ અનુભવાય છે તેને ધર્મી જ જાણે છે; અજ્ઞાનીને તેની ખબર નથી. અરે, આ ભગવાન આત્મામાં શું ખામી છે કે બીજા પાસે લેવા જવું પડે ? નિજશક્તિથી પરિપૂર્ણ ભગવાન આત્મા છે, તેને ચિંતવતાં–અનુભવતાં પરમ આનંદ થાય છે. બીજા પ્રશ્નો છોડીને આવા આત્માના અનુભવનો જ ઉદ્યમ કર; વારંવાર તેમાં ઉપયોગને વાળીને અનુભવ કર. રાગને અગ્રેસર ન કર, ચૈતન્યભગવાનને જ અગ્રેસર કર. તેને અગ્ર કરીને–મુખ્ય કરીને તેને ચિંતવતાં સમ્યગ્દર્શન અને સિદ્ધપદ થાય છે. સાદિ–અનંતકાળના સિદ્ધપદનો આનંદ આપવાની જેનામાં તાકાત છે એવું કોઈ હોય તો તે પોતાનો ચૈતન્યદેવ જ છે, બીજા કોઈ પાસેથી આનંદ મળે તેમ નથી.–આમ જાણનાર ધર્મી જીવ પોતાના આત્મા સિવાય અન્ય કોઈ પદાર્થના પરિગ્રહને કેમ ઈચ્છે ? ન જ ઈચ્છે. તેને પોતાથી સર્વથા ભિન્ન જાણે છે ને જ્ઞાનસ્વરૂપ આત્માને જ પરિગ્રહે છે–સર્વ પ્રકારે શ્રદ્ધામાં–જ્ઞાનમાં–આચરણમાં તેનું જ ગ્રહણ કરે છે, એ સિવાય પરભાવના અંશનેય ગ્રહતા નથી, તેને પોતાનું 'સ્વ' માનતા નથી. મારું 'સ્વ' તો મારો જ્ઞાનસ્વરૂપ આત્મા જ છે.–આવો સ્વ–તત્ત્વનો અનુભવ કરવા જેવો છે. એવા અનુભવથી જ આત્માનું પરમ ઉત્તમ અતીન્દ્રિય સુખ અનુભવમાં આવે છે.

જેની સેવાથી, જેના ચિંતનથી જેના અનુભવથી કેવળજ્ઞાન અને સિદ્ધપદ મળે એવો પોતાનો આત્મદેવ જેને પ્રાપ્ત થયો, ચૈતન્યચિંતામણિ પ્રાપ્ત થયો, તે ધર્માત્મા હવે બીજાને કેમ સેવે ? બીજાને કેમ ચિંતવે ? પોતાના આત્માને જ ધ્યેય બનાવીને ચિંતવે છે, અને દિવ્ય શક્તિવાળો દેવ સમજીને તેને જ સેવે છે. અરે, આવા આત્માના અનુભવનો આ અવસર છે; આનંદની પ્રાપ્તિનો આ અવસર છે.

–આજે જ આવા આત્માનો અનુભવ કરો.

*****

આત્મ અનુભવની ઉત્તમ પ્રેરણા "આત્મધર્મ"

વારંવાર મેળવવા માટે...........વાંચો

# જ્ઞાનમયદશા વડે જ્ઞાની ઓળખાય છે

જ્ઞાની પોતાને જ્ઞાનભાવરૂપ અનુભવે છે; જ્ઞાનભાવમાં ઈચ્છા નથી. જ્ઞાનમયભાવમાં પુણ્યાદિ ઈચ્છા નથી. માટે જ્ઞાની પુણ્યને ઈચ્છતો નથી, જ્ઞાની તો જ્ઞાનમય જ રહે છે.

(સમયસાર ગાથા ૨૧૦)

શુભરાગ કે પુણ્ય તે આત્મા નથી, એટલે જેને આત્માનું ભાન છે તેને તે રાગની કે પુણ્યની પક્કડ નથી, તેનો પરિગ્રહ નથી. આત્માનો જ્ઞાનસ્વભાવ જેણે પકડયો એટલે કે અનુભવમાં લીધો તે રાગાદિભાવોને પોતાના સ્વભાવપણે જરાય અનુભવતો નથી, તેને પોતાના જ્ઞાનભાવથી સર્વથા જુદા જાણે છે.

જ્ઞાનસ્વરૂપ આત્મા સહજ સુખમય છે; રાગાદિભાવો આકુળતારૂપ ને દુઃખરૂપ છે. આત્માનો જે જ્ઞાનમય ભાવ છે તે રાગાદિ ઈચ્છારૂપ નથી; ચૈતન્યપરિણતિનો અંશ પણ ઈચ્છામાં નથી; આ રીતે ઈચ્છા તે જ્ઞાનમય ભાવ નથી એટલે અજ્ઞાનમય ભાવ છે. ધર્મી જીવ તે પુણ્યઈચ્છાને પણ પોતાના જ્ઞાનથી ભિન્ન જાણે છે એટલે કે જ્ઞાન સાથે તે ઈચ્છાને ભેળવતો નથી, પણ તેને જ્ઞાન વગરની જાણે છે, જ્ઞાનથી જુદી જાણે છે, માટે તે અજ્ઞાનમય છે, જ્ઞાનમય નથી.

જુઓ, આવા ભેદજ્ઞાન વગર પરભાવનો પરિગ્રહ છૂટે નહીં, અને સાચી નિર્જરા થાય નહીં. અજ્ઞાની ઈચ્છાને (પુણ્ય-રાગને) પોતાનું સ્વરૂપ માને ભલે, પણ તેથી કાંઈ તે ઈચ્છા જ્ઞાનમય થઈ જતી નથી. તે મિથ્યાભાવથી રાગાદિનો પરિગ્રહ કરે છે અને તેથી તે કર્મોથી બંધાય છે. ધર્મીજીવ રાગથી ભિન્ન એવા ચૈતન્યભાવને જ સ્વ-સ્વામીપણે અનુભવે છે, તેને દ્રવ્યમાં-ગુણમાં-પર્યાયમાં કયાંય રાગ નથી. જે રાગ છે તે જ્ઞાનના સ્વપણે નથી પણ પરપણે જ છે. આ રીતે રાગ વગરનો જે શુદ્ધઉપયોગ છે, તે શુદ્ધતાની વૃદ્ધિનું નામ નિર્જરા છે; અને શુદ્ધતાની વૃદ્ધિઅનુસાર અશુદ્ધતા તથા કર્મો ખરી જાય છે તે પણ નિર્જરા છે. શુદ્ધતાની વૃદ્ધિ, અશુદ્ધતાનો નાશ ને કર્મનું

ખરી જવું–એ ત્રણે બોલ નિર્જરામાં એક સાથે સમાય છે. આવી નિર્જરાને અજ્ઞાની ઓળખતો પણ નથી.

લોકો પુણ્યને ધર્મ માને છે, વ્યવહારધર્મને જ સાચો ધર્મ માની લ્યે છે, તેથી અહીં તેનો નિષેધ કરવા કહે છે કે એવા પુણ્યરૂપ ધર્મને જ્ઞાની ઈચ્છતા નથી; જેને વ્યવહારધર્મ કહ્યો, અથવા લોકો જેને ધર્મ માને છે–એવા પુણ્યના શુભભાવો તેની પક્કડ જ્ઞાનીને નથી, તેની ઈચ્છા જ્ઞાનીને નથી; જ્ઞાની તે ભાવોને પોતાના જ્ઞાનથી ભિન્ન જાણે છે. જેને જ્ઞાનથી ભિન્ન જાણ્યા તેનું સ્વામીપણું જ્ઞાનીને કેમ હોય? ને જેનું સ્વામીપણું ન હોય તેની ઈચ્છા કેમ હોય? માટે જ્ઞાનીને પુણ્યની ઈચ્છા નથી; તેને તે પરભાવપણે જાણીને છોડે છે.

એકકોર આત્માનો જ્ઞાનભાવ, ને એનાથી જુદા બધા અ–જ્ઞાનભાવ; પુણ્યનો શુભરાગ તે જ્ઞાનમય નથી પણ જ્ઞાનથી ભિન્ન છે. તે પુણ્યના રાગમાં ચેતકપણું નથી, ‘આ પુણ્ય છે’ એમ જ્ઞાન તેને જાણે છે; તે પુણ્યને જાણનારું જ્ઞાન પોતે પુણ્યરૂપ થતું નથી પણ તેનાથી જુદું જ રહે છે. ને આવા જુદા જ્ઞાનસ્વરૂપે જ ધર્મી પોતાને અનુભવે છે.–એટલે તે જ્ઞાનસ્વભાવને જ સ્વપણે ગ્રહે છે, ને એ સિવાય અન્ય બધા પર ભાવોને પરપણે જાણીને છોડે છે.–આવી શુદ્ધદશાથી જ્ઞાનીને નિર્જરા થાય છે, ને તે મોક્ષમાર્ગ છે.

ચોથા ગુણસ્થાને આત્મા જાણવામાં આવ્યો, અનુભવમાં આવ્યો, પ્રતીતમાં આવ્યો;–તે કઈ રીતે આવ્યો? શું શુભરાગ વડે આત્માનો અનુભવ થાય?–ના; શુભરાગને તો અનાત્મા કહ્યો, અજ્ઞાનમય કહ્યો, તેના વડે આત્માનું જ્ઞાન થઈ શકે નહીં. તેનાથી ભિન્ન એવા જ્ઞાનના શુદ્ધઉપયોગ વડે જ આત્મા જણાય છે–અનુભવાય છે ને પ્રતીતમાં આવે છે. ચોથું ગુણસ્થાન આવા ભાવથી પ્રગટે છે; શુભરાગથી ચોથું ગુણસ્થાન નથી પ્રગટતું.

આત્મા પ્રભુ છે. પ્રભુ એટલે સ્વામી.–કોનો સ્વામી?–કોનો પ્રભુ? આત્મા શું રાગનો પ્રભુ છે? ના; આત્મા તો જ્ઞાનનો પ્રભુ છે, આનંદનો પ્રભુ છે; જ્ઞાન–આનંદ આદિ અનંતગુણોના વૈભવનો સ્વામી આત્મા છે, તે જ આત્માનું પ્રભુત્વ છે. આવા નિજવૈભવનું સ્વામીપણું છોડીને, જે જીવ રાગ–દ્વેષ–મોહરૂપ અજ્ઞાનભાવનો સ્વામી થવા જાય છે તે અજ્ઞાની છે; અજ્ઞાનભાવોનો સ્વામી અજ્ઞાની હોય; જ્ઞાની તો જ્ઞાનભાવનો જ સ્વામી છે. જ્યાં જ્ઞાનમય આત્મવસ્તુ લક્ષમાં આવી ત્યાં વિકલ્પમાં–રાગમાં એકત્વબુદ્ધિ રહી શકે નહીં. અનંતગુણ ભંડારનો જે સ્વામી થયો તે રાગાદિ દોષોનો સ્વામી થાય નહીં. તેની

પરિણતિ સદાય જ્ઞાનમય છે તે તે કાળે વર્તતો રાગ કે દેહની ક્રિયા, તેમાં જ્ઞાની વર્તતો નથી. જ્ઞાની તો તે વખતે પોતાના જ્ઞાનભાવમાં જ એકપણે વર્તે છે, રાગ કે જડની ક્રિયા સાથે કદી એકપણે વર્તતા નથી પણ તેનાથી ભિન્નપણે જ વર્તે છે.

શુભરાગના અનેક પ્રકાર, તેમાં કયાંય 'જ્ઞાનપણું' નથી, એટલે તેમાં કયાંય જ્ઞાનીને સ્વપણું નથી. જે પોતાપણે અનુભવાય છે એવા એક જ્ઞાનભાવમાં જ જ્ઞાનીને 'સ્વપણું' છે. આત્માનો આવો સ્વાનુભવ તે જ મુખ્ય પ્રમાણ છે. તેથી પાંચમી ગાથામાં જ આચાર્યદેવે કહ્યું હતું કે આ શુદ્ધ એકત્વ-વિભક્ત આત્માને તમે પોતાના સ્વાનુભવથી પ્રમાણ કરજો. સ્વસંવેદનરૂપ સ્વાનુભવ તે જ પ્રત્યક્ષ પ્રમાણ છે; ને એવા સ્વાનુભવપૂર્વક જ સમ્યગ્જ્ઞાન થાય છે. આત્માના સ્વાનુભવ વગરનું જ્ઞાન સાચું હોતું નથી. અને જ્યાં રાગના અનુભવમાં એકતા છે ત્યાં જ્ઞાનસ્વરૂપ આત્માનો સ્વાનુભવ થતો નથી. જ્ઞાનીએ જ્યાં પોતાના આત્માને ઉપયોગલક્ષણ વડે સમસ્ત પરભાવોથી જુદો અનુભવ્યો, ત્યાં રાગના કોઈ અંશમાં, કોઈ પુણ્યમાં, કોઈ શુભ વિકલ્પમાં તેને પોતાપણાની પક્કડબુદ્ધિ રહેતી નથી. માટે જ્ઞાનીને પુણ્યાદિ કોઈપણ પરદ્રવ્યનો કે પરભાવનો પરિગ્રહ નથી, તેનાથી ભિન્નતા જ છે. ને આવી ભિન્નતારૂપ જ્ઞાનદશા વડે જ્ઞાનીને નિર્જરા જ થાય છે.

# આરાધના

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર

ને સમ્યક્ તપ, તેનું-

૧. ઉદ્યોતન કરવું-ઉજ્જવલતા કરવી,
૨. તેની પૂર્ણતાનો ઉદ્યમ કરવો,
૩. તેનો નિરાકુળતાથી નિર્વાહ કરવો,
૪. તેનું નિરતિચાર સેવન કરવું, અને
૫. આયુના અંત સુધી નિર્બાધ સેવન કરીને પરલોકમાં પણ તેને સાથે લઈ જવા,

-એને જિનેન્દ્રભગવાને આરાધના કહી છે.

(ભગવતી આરાધના ૩)

# ધર્મી થવાનો રસ્તો

( ભાઈબીજના દિવસનું પ્રવચન )

ધર્મી જીવ કેવો હોય ? અને કેવા જ્ઞાન ભાવને લીધે તેને નિર્જરા થાય ? તેનું આ વર્ણન છે. જેણે પોતાના આત્માને એક જ્ઞાનમય સ્વરૂપ અનુભવ્યો છે, ને એના સિવાયના બધા ભાવોમાં આત્મબુદ્ધિ છૂટી ગઈ છે, એવા જીવને રાગ વગરનો જે જ્ઞાનમયભાવ તે ધર્મ છે, તેનાથી નિર્જરા થાય છે.

પ્રશ્નઃ– આ તો જે ધર્મી અને જ્ઞાની થયા છે તેમની વાત થઈ, પણ અમારે જ્ઞાની થવા માટે શું કરવું ?

ઉતરઃ– ભાઈ, જ્ઞાનીએ જે કર્યું તે તું કર. જ્ઞાનીએ પોતાના સ્વભાવને ઓળખીને રાગાદિ પરભાવનો પ્રેમ છોડયો, તેમ તું પણ રાગ વગરના તારા જ્ઞાનાનંદ સ્વભાવને ઓળખ, ને પરભાવનો પ્રેમ છોડ,–તે જ ધર્મી થવાની રીત છે. વિભાવ વગરનો અનંતગુણથી ભરેલો જે જ્ઞાયકભાવ તેને ગુરુગમ દ્વારા લક્ષમાં લઈને અનુભવ કરવો–તે જ જ્ઞાની અને ધર્મી થવાનો રસ્તો છે, તે જ મોક્ષનો માર્ગ છે.

જડ લક્ષ્મી કે જડ શરીરની ક્રિયાઓ, તે તો આત્મામાં છે જ નહીં. હવે જે રાગદ્વેષાદિ દુઃખભાવો તે પણ આનંદના સમુદ્રમાં નથી. આનંદનો સમુદ્ર ચૈતન્યમૂર્તિ આત્મા છે...તેની સન્મુખ થયો ત્યાં રાગાદિ ભાવો રહેતા નથી. આ રીતે સંયોગથી જુદો, શુભ રાગાદિ ભાવોથી પણ જુદો, એકલો જ્ઞાનરસથી ભરેલો પોતાનો આત્મા, તેને અંતરમાં દેખવો–અનુભવવો તે અપૂર્વ મંગળ છે. ધર્મીએ આમ કર્યું–તેની બરાબર ઓળખાણ કરીને પોતામાં પણ આવા ભેદજ્ઞાનનો ભાવ પ્રગટ કરવો–તે ધર્મી થવાનો રસ્તો છે.

અહો, આવો જે જ્ઞાનસ્વભાવ, તેને ચૂકીને બહારની કોઈપણ ઇચ્છા–અશુભ કે શુભ–તેના વેદનમાં દુઃખ જ છે. પદાર્થને ભોગવવાની ‘ઈચ્છા કરનારો ભાવ’ પોતે તો તેને ભોગવતો નથી, અને હું ભોગવું એવો જે ભાવ છે તે વખતે તો ઈચ્છા કરનારો ભાવ નથી. ઈચ્છા કરનારો ભાવ ને ભોગવનારો ભાવ તે બન્ને કદી ભેગા થતા નથી; માટે ઈચ્છાઓ નિરર્થક છે, દુઃખરૂપ છે, આકુળતા કરનારી છે. ઈચ્છા વગરનો જે જ્ઞાનસ્વભાવ છે તેમાં પર્યાયને એકાગ્ર કરતાં જ શાંતિ, નિરાકુળ આનંદનો અનુભવ

થાય છે. આવા અનુભવરસનો સ્વાદ ચાખનાર ધર્મી જીવને કોઈપણ પદાર્થની ઈચ્છા રહેતી નથી; એટલે આખા સંસારથી તે વિરક્ત છે, ને પોતાના એક જ્ઞાયકભાવમાં જ એકતા કરીને તેને જ સત્યપણે, ભૂતાર્થપણે, સ્વપણે, સુખપણે અનુભવે છે, તેમાં જ તેનો ઉત્સાહ છે; પરભાવો તરફનો ઉત્સાહ છૂટી ગયો છે, તેમાંથી એકતા છૂટી ગઈ છે, તેને તે સ્વપણે અનુભવતો નથી. આવી અંદરની જ્ઞાનપરિણતિ તે ધર્મ છે; ને ભેદજ્ઞાનના અભ્યાસ વડે આવી દશા પ્રગટ કરવી તે ધર્મી થવાનો રસ્તો છે.

*****

સ્વયંભૂરમણ નામના સમુદ્રમાં અસંખ્યાતા માછલાં આવા આત્મજ્ઞાન સહિત અત્યારે પણ છે. બહારનું શરીર માછલાનું છે પણ અંદર આત્મા તો દેહથી જુદો ચૈતન્યમૂર્તિ છે; તે પોતાના સ્વભાવમાં નજર કરીને નિર્વિકલ્પ અનુભવ સહિત આવું આત્મજ્ઞાન પ્રગટ કરે છે ને અપૂર્વ આનંદનો ભોગવટો કરે છે. દેહનો કે રાગનો ભોગવટો જ્ઞાનમાં નથી. જે જીવ આવું જ્ઞાન પ્રગટ કરે તે જ્ઞાની છે, ને પોતાના જ્ઞાનભાવરૂપે જ પરિણમે છે.

એને રાગ–દ્વેષ–ક્રોધાદિ તો થાય છે ને ?

થાય છે ખરા, પણ તેને તે જ્ઞાનથી ભિન્નપણે અનુભવે છે, તેમાં એકત્વબુદ્ધિ કરતા નથી. રાગ વખતે રાગથી જુદાપણે તે પોતાને દેખે છે, જેમ શ્રીફળમાં અંદર ગોળો જુદો છે–તેમ ધર્મી પોતાના આત્માને રાગથી જુદો જ ચૈતન્યગોળો દેખે છે. અજ્ઞાનીને રાગ વખતે રાગથી જુદું પોતાનું કોઈ અસ્તિત્વ જ દેખાતું નથી, રાગ જ દેખાય છે, જ્ઞાન દેખાતું નથી; જ્ઞાની–અજ્ઞાની વચ્ચેનો આ મોટો તફાવત છે. શરીરાદિ ને રાગાદિ સમસ્ત પરભાવોથી પોતાની ચૈતન્યવસ્તુને જુદી જાણીને, તે ચૈતન્યવસ્તુપણે પોતાનો અનુભવ કરવો–તે જ ધર્મી થવા માટેની જ્ઞાનકળા છે. એવી જ્ઞાનકળા પ્રગટ કરવી તે આનંદમય મંગલ પ્રભાત છે, તેણે આત્મામાં જ્ઞાનદીવડા પ્રગટ કરીને દીવાળી ઉજવી, અને તેને જ અપૂર્વ નવું વરસ આત્મામાં બેઠું.–આ સુખનો પંથ છે.

*****

**વૈરાગ્ય સમાચારઃ–** આ અંક છાપતાં છાપતાં એકાએક સમાચાર મળ્યા છે કે જમશેદપુરમાં શ્રી હેમકુંવરબેન નરભેરામ કામાણીના સુપુત્ર શ્રી ધરમચંદભાઈ યુવાન વયમાં હાર્ટફેઈલથી એકાએક તા. ૧૩–૧૧–૬૯ ના રોજ સ્વર્ગવાસ પામી ગયા છે. તેઓ અવારનવાર ગુરુદેવનો લાભ લેતા હતા. આ ક્ષણિક સંસારમાં પીંજરા જેવા આ દેહથી ભિન્ન, અમર આત્માના લક્ષે વૈરાગ્યભાવના એ જ જીવને શરણરૂપ છે. વીતરાગી દેવ –ગુરુ–ધર્મની છાયામાં સ્વર્ગસ્થ આત્મા આવું શરણ પામો.

# * ધર્મી પોતાની આત્મવસ્તુને કેવી જાણે છે? *

'ધર્મીને જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવનો જ સદ્ભાવ છે' એટલે કે 'જ્ઞાયકભાવપણે અનુભવમાં આવતી વસ્તુ તે જ હું છું' એમ ધર્મી જાણે છે; તે જ્ઞાયકભાવના સદ્ભાવમાં રાગાદિ પરભાવોનો અભાવ છે. આવા આત્માના અનુભવથી જ સંસારનાં દુઃખથી છૂટીને જીવ આત્માની શાંતિ પામે છે. બાહ્યવસ્તુનું સુખ અર્થાત્ પુણ્યનું સુખ તે ખરેખર સુખ છે જ નહીં, એમાં તો પરાધીન આકુળભાવ ને દુઃખ છે. ભગવાન આત્મા જે જ્ઞાનાનંદસ્વરૂપનો સાગર, તેના સ્વાધીન અનુભવથી જે સુખ અનુભવાય છે તે જ સાચું નીરાકુળ સુખ છે તે જ આત્માનું જીવન છે.

સ્વ–પરની ભિન્નતા જેણે જાણી નથી, જ્ઞાન અને ઈચ્છાની ભિન્નતા જેણે જાણી નથી, તેને ઇચ્છા વગરના પોતાના સ્વભાવસુખનું વેદન ક્યાંથી થાય? તે તો જ્ઞાનની સાથે ઈચ્છાને ભેળવીને, અજ્ઞાનને જ અનુભવતો દુઃખી થાય છે. જ્ઞાનભાવને પોતાપણે અનુભવે તે જ્ઞાની કહેવાય; રાગને–ઈચ્છાને કે આહાર–પાણીને પોતાનાં માને તેને જ્ઞાની કોણ કહે?

ધર્મીની જે જ્ઞાનપર્યાય છે તે આત્મા તરફ ઝુકે છે, ને જે રાગાદિ ભાવો છે– તે તો બહાર ઝુકે છે, તે રાગને આત્મા સાથે તન્મયપણું થતું નથી. રાગના અભાવમાંય આત્મપ્રાપ્તિ થાય છે, રાગ ન હોય તેથી કાંઈ આત્માનો અભાવ થઈ જતો નથી; રાગ વગર જ આત્માનું જીવન છે. આત્માનું અસ્તિત્વ, આત્માનું જીવન તો જ્ઞાનમય છે; આત્માનું અસ્તિત્વ કાંઈ રાગદ્વેષમય નથી. રાગ વખતેય જ્ઞાનસ્વરૂપ તો તે રાગના અભાવવાળું જ છે. રાગ તો ઉપરના કચરા જેવો છે, અંદર ચૈતન્ય તળીયું શુદ્ધ જ્ઞાનમય છે, તેને ધ્યેય બનાવવું જોઈએ. તેને ધ્યેય બનાવીને જે ધર્મી થયો તે રાગાદિથી જુદો થયો, તે હવે રાગને ઈચ્છે નહિ, પુણ્યને ઈચ્છે નહિ. પોતાના એક ચૈતન્યભાવ સિવાય બીજા કોઈ ભાવને ધર્મી પોતાપણે દેખતા નથી, તેને પોતાથી ભિન્નપણે જ દેખે છે.

અહો, રાગથી જુદું આવું જ્ઞાનમય નિજપદ જ અનુભવમાં લેવા જેવું છે, તે ચૈતન્યપદનો સ્વાદ મહાન આનંદરૂપ છે, આવા આનંદમય નિજપદમાં આત્મા રહેલો છે, તે પોતામાં નજર કરે એટલી જ વાર છે. અંતરના નિજપદમાં નજર કરતાં જ

અપૂર્વ આનંદરસનો સ્વાદ આવે છે. આનંદના ઝરણાં ઝરે છે. આવા ચૈતન્યરસ સિવાય બીજા તો બધાય અપદ છે, પરપદ છે તેમાં ક્યાંય સુખ નથી.

જે જ્ઞાનને સેવતો નથી ને રાગને સેવે છે તેને જ્ઞાનભાવની ઉત્પત્તિ ક્યાંથી થાય ? એને તો રાગમય અજ્ઞાનભાવ જ થાય છે. જ્ઞાની તો, રાગ અને જ્ઞાનને અત્યંત ભિન્ન જાણીને, એકલા જ્ઞાનને જ સેવે છે એટલે તેના બધા ભાવો જ્ઞાનમય છે. આવો જ્ઞાનમય વીતરાગી ભાવ તેનું નામ ધર્મ છે. ચોથા ગુણસ્થાને સમ્યગ્દ્રષ્ટિને આવો જ્ઞાનમય વીતરાગભાવ હોય છે, એ સિવાય બીજા કોઈ પરભાવનો પરિગ્રહ તેને નથી; તેને તે જાણે છે પણ તેની પક્કડ નથી, 'આ મારો ભાવ' એવી બુદ્ધિ નથી, પણ તેને પરપણે જાણે છે; હું તો જ્ઞાન છું ને આ પરભાવો મારા જ્ઞાનથી બહાર છે–એમ તે ભિન્નતા જાણે છે. આવા ભેદજ્ઞાનના બળથી આત્માની શુદ્ધતા થાય છે ને કર્મોની નિર્જરા થાય છે.–આનું નામ ધર્મ છે, ને આ મોક્ષમાર્ગ છે.

## દિવાળીના દિવસે

દિવાળીના દિવસે બપોરના પ્રવચનમાં ગુરુદેવે કહ્યું કે ભગવાન મહાવીર આજે મોક્ષ પધાર્યા...તેમને જરાય અધર્મ ન રહ્યો, વિકાર જરાય ન રહ્યો, તેમને પૂર્ણ જ્ઞાન–આનંદ અને પૂર્ણ શુદ્ધતા પ્રગટી ગયા. અજ્ઞાની એકલા વિકારમાં વર્તી રહ્યો છે, તેને ધર્મનો અંશ પણ નથી.

હવે વચગાળાની સ્થિતિ તે સાધકદશા છે,–જેને અંશે શુદ્ધતારૂપ ધર્મ પ્રગટયો છે ને અંશે અશુદ્ધતા પણ બાકી છે.–પણ તે અશુદ્ધતાને ક્ષણિક પર્યાયરૂપ જાણે છે, ને ત્રિકાળી સ્વભાવ શુદ્ધ છે તેના અવલંબને શુદ્ધતા વધારતો જાય છે. આવી સાધકદશામાં કેવા ધર્મો હોય, કેટલી શુદ્ધતા થઈ હોય ને કેટલી અશુદ્ધતા બાકી હોય–તે બધાનું જ્ઞાન સાધકને વર્તે છે. તે શુદ્ધ–અશુદ્ધ બધા ભાવોને જાણવા છતાં શુદ્ધદ્રષ્ટિ વડે તે પોતાના આત્માને શુદ્ધ ચિન્માત્ર અનુભવે છે.

ધર્મીને જે જ્ઞાનચેતનારૂપ પરિણમન થયું છે તેમાં તો હર્ષ–શોકનું વેદન નથી. પણ હજી જેટલી કર્મચેતના કે કર્મફળચેતના છે તેટલું રાગાદિનું કર્તાપણું કે હર્ષ–શોકનું ભોક્તાપણું છે. બંને ભાવ એકસાથે એક પર્યાયમાં વર્તે છે. પરને તો કરવાનું કે ભોગવવાનું અશુદ્ધભાવથી પણ નથી; જે કોઈ દેહની ક્રિયા છે,–હાલવું–ચાલવું–બોલવું–ઉઠવું–બેસવું–ખાવું–પીવું તે બધી પુદ્ગલની ક્રિયાઓ છે, જીવ તેનો કર્તા નથી. જીવ ચેતનભાવને જ કરે છે; ચેતના જ તેની ક્રિયા છે. તેને ભૂલીને અજ્ઞાની એકલા રાગાદિની ક્રિયા કરે છે; જડની ક્રિયાને તો તે પણ નથી કરતો. જીવની પર્યાયમાં જે શુદ્ધ–અશુદ્ધ ભાવ હોય તેને જાણીને, ભેદજ્ઞાનના બળથી આત્માને શુદ્ધ ચૈતન્યમાત્ર અનુભવવો–તે આત્મપ્રાપ્તિની રીત છે; તે જ સાધકદશા છે, ને તે જ સાચી દીવાળી છે.

*****

# જ્ઞાનમય સુપ્રભાત

( અનુસંધાન પૃ. ૪ થી ચાલુ )

દેહથી ભિન્ન જાણનાર તત્ત્વ તે આત્મા છે; તે સદાય જ્ઞાનસ્વભાવપણે ટંકોત્કીર્ણ ટકનાર છે. હવે 'આ લઉં–આ ભોગવું' એવી જે ઈચ્છાઓ તેની સાથે પણ જ્ઞાનની એકતા નથી. તે ઈચ્છા વગરના જ્ઞાનસ્વભાવના વેદનમાં આવ્યો તે જીવ જ્ઞાની છે, તે આનંદને અનુભવે છે. આ સિવાય બીજા કોઈ વેદનમાં આનંદ નથી. માટે જ્ઞાની તે ઈચ્છાઓને ઈચ્છતો નથી. પોતાના જ્ઞાનને ઈચ્છાઓથી ભિન્ન અનુભવે છે. આવો અનુભવ તે મોક્ષનો માર્ગ છે, ને ભગવાને એવા અનુભવનો ઉપદેશ કર્યો છે.

હે જીવો! તમારો આત્મા જ પોતાના જ્ઞાન–આનંદ સ્વભાવથી ભરેલો છે, તેનો આશ્રય કરતાં, એટલે તેની સન્મુખ થઈને અનુભવ કરતાં અપૂર્વ આનંદ થાય છે. તે જ મોક્ષનો માર્ગ છે. ઈચ્છાઓ તો ક્ષણિક છે, આકુળતાથી ભરેલી છે. તેના આશ્રયે કદી શાંતિ થાય નહીં. આત્માના આનંદનો અનુભવ તેમાં તો ઈચ્છાનો અભાવ છે, ઈચ્છા કે બાહ્ય વસ્તુ તેમાં નથી. બે ઈચ્છાને કદી મેળ ખાતો નથી, બે સમયની ઈચ્છા ભેગી થતી નથી, સમયે સમયે તેનો વિનાશ થઈ જાય છે, પણ જ્ઞાન પર્યાયને અંતરમાં વાળે તો ટંકોત્કીર્ણ જ્ઞાનસ્વભાવ સાથે એકતા કરીને આનંદનો અનુભવ થાય છે. માટે જ્ઞાની સર્વ ઈચ્છાથી જુદો પડીને પોતાના જ્ઞાનસ્વભાવને જ અનુભવે છે ને જ્ઞાનભાવરૂપે જ પરિણમે છે. જ્ઞાનથી જુદા કોઈપણ ભાવને જ્ઞાની પોતાના સ્વભાવપણે અનુભવતા નથી.–આવી અનુભવદશારૂપ જ્ઞાનદીવડા પ્રગટ કરવા તે અપૂર્વ દીવાળી છે...તે મહાવીર ભગવાનનો માર્ગ છે, તે મુક્તિનો મંગલ મહોત્સવ છે.

અનાદિ મિથ્યાદ્રષ્ટિ એવા ભદ્રણાદિ રાજપુત્રો તે જ ભવમાં ત્રસપણું પામ્યા અને જિનેન્દ્રદેવના પાદકમળની નીકટમાં ધર્મશ્રવણ કરીને સમ્યગ્દર્શન તથા સંયમને પામ્યા; અને ઘણા જ થોડા કાળમાં રત્નત્રયની પૂર્ણતા કરીને સિદ્ધ થયા માટે...આરાધના જ સાર છે.

આરાધના–ભગવતી ગા. ૧૭

# જ્ઞાન ગોષ્ઠી

[ થોડા વર્ષ પહેલાં 'સુવર્ણ સન્દેશ' ના જ્ઞાનગોષ્ઠી વિભાગમાં ઘણા જિજ્ઞાસુઓ રસ લેતાં. તેને લગતું કેટલુંક લખાણ આજ અચાનક હાથમાં આવ્યું, જિજ્ઞાસુઓને ઉપયોગી હોવાથી આભાર સાથે તે અહીં આપ્યું છે. ( સં. ) ]

પ્રશ્નઃ– જ્ઞાનીને ઊંઘમાં પણ આત્માનું જ્ઞાન હોય ?

ઉત્તરઃ– અહો, એની શી વાત ! જ્ઞાન અને રાગના જુદા વેદનથી જે ભેદજ્ઞાન થયું તે ઊંઘ વખતેય જ્ઞાનીને વર્તે જ છે. ઊંઘમાંય તેને રાગ સાથે એકતાબુદ્ધિનું વેદન થતું નથી, ચૈતન્યભાવને રાગથી ભિન્નપણે જ તે વેદે છે. જુદો તે સદાય જુદો જ છે. જ્ઞાની તો સદાય જ્ઞાનરૂપ જ છે. ઊંઘ વખતેય એનું જ્ઞાન કાંઈ ઊંઘી નથી ગયું ( અજ્ઞાન નથી થયું ), જ્ઞાન તો જ્ઞાનપણે જાગતું જ છે.

પ્રશ્નઃ– જીવે શું નક્કી કર્યા વગર અનાદિથી ચાલી આવતી પરદ્રવ્યના કર્તાપણાની બુદ્ધિ ટળે નહિ ?

ઉત્તરઃ– સ્વ–પરનું તેમ જ સ્વભાવ અને વિભાવનું ભેદજ્ઞાન કરીએ તો જ પરમાં કર્તાપણાની બુદ્ધિરૂપ અજ્ઞાન ટળે. એના વગર તે ટળે નહિ. એ જ વાત શ્રીમદ્ રાજચંદ્રજીએ નીચેના શબ્દોમાં સમજાવી છે–

*ચેતન જો નિજભાવમાં કર્તા આપ સ્વભાવ,
વર્તે નહિ નિજભાવમાં કર્તા કર્મપ્રભાવ.
*છૂટે દેહાધ્યાસ તો નહિ કર્તા તું કર્મ,
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ.
*કર્તા ભોક્તા કર્મનો વિભાવ વર્તે જ્યાંય,
વૃત્તિ વહી નિજભાવમાં થયો અકર્તા ત્યાંય.

પ્રશ્નઃ– ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય એટલે શું ?

ઉત્તરઃ– દરેક દ્રવ્ય ત્રણેકાળ પોતાની ક્રમનિયમિત પર્યાયમાં પરિણમે છે, એટલે આત્મા પરની પર્યાયોનો અકર્તા છે, ને પોતાના જ્ઞાનમય પરિણામે પરિણમતો થકો જ્ઞાન–

ભાવોનો જ કર્તા છે. આ રીતે સ્વસન્મુખ થઈને જ્ઞાનસ્વભાવનો અને પરના અકર્તાપણાનો નિર્ણય તે ક્રમબદ્ધપર્યાયનો ખરો નિર્ણય છે. જ્યાં જ્ઞાનસ્વભાવની સન્મુખતા ન હોય, કે અકર્તાપણાનો નિર્ણય ન હોય ત્યાં ક્રમબદ્ધપર્યાયનો સાચો નિર્ણય હોતો નથી. જીવદ્રવ્ય પોતાની જીવપર્યાયોમાં તન્મયરૂપે પરિણમે છે, ને અજીવ દ્રવ્ય પોતાની અજીવ પર્યાયોમાં તન્મયરૂપે પરિણમે છે-એમ બન્નેની ભિન્નતાનું ભેદજ્ઞાન કરીને, તેમના વચ્ચે કર્તાકર્મપણાનો ભ્રમ છૂટી જાય, તેને જ ક્રમબદ્ધપર્યાય સમજાય છે.

પ્રશ્નઃ– ધર્મદ્રવ્ય પોતે ગતિ ન કરે છતાં બીજાને ગતિ કરવામાં નિમિત્ત થાય?

ઉત્તરઃ– હા; જેમ પુસ્તક પોતે જ્ઞાન નથી કરતું છતાં તે જ્ઞાન કરનારને જ્ઞાનનું નિમિત્ત તો થાય છે. તેમ ધર્માસ્તિકાય પોતે ગતિ નથી કરતું છતાં ગતિ કરનારને ગતિમાં તે નિમિત્ત તો થાય છે.

પ્રશ્નઃ– મોક્ષ કયારે થાય?

ઉત્તરઃ– સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની સંપૂર્ણ આરાધના કરે ત્યારે.

પ્રશ્નઃ– ‘આતમદેવ’ ને કોની સાથે સરખાવવામાં આવ્યો છે?

ઉત્તરઃ– દર્પણની સાથે–

જાણે બધુંય વિશ્વ ઝળકે બધુંય જ્યાં,
દર્પણ સમાન દેવ કેવો હશે? (જૈનબાળપોથી)

(શાસ્ત્રોમાં આ ઉપરાંત બીજા પણ સોનું, સૂર્ય વગેરે અનેક પદાર્થની ઉપમા આપીને આત્માનું સ્વરૂપ સમજાવ્યું છે.)

પ્રશ્નઃ– ચાર અક્ષરનું નામ છે, યાત્રાનું એ ધામ છે. એના પહેલા અને બીજા અક્ષરમાં એક મજાનું ફૂલ રહેલું છે, તથા ત્રીજા અને ચોથા અક્ષરમાં ખાવાની વસ્તુ રહેલી છે...તો એનું નામ કયું? એમ એક ભાઈ પૂછાવે છે.

ઉત્તરઃ– તમારી મેળે શોધી લેજો...ને ન આવડે તો વાસુપૂજ્ય ભગવાનનું જીવન યાદ કરજો–એટલે આવડી જશે.

પ્રશ્નઃ– સમ્યગ્દર્શનનો મારગ શું?

ઉત્તરઃ– આત્માની સાચી નિષ્ઠાપૂર્વક જ્ઞાનીઓનો સત્સમાગમ તે સમ્યક્ત્વનો મારગ છે.

તત્ત્વોના શ્રદ્ધાનને સમ્યક્ત્વ કહ્યું છે પરંતુ તે તત્ત્વશ્રદ્ધાન પણ જ્ઞાનીના સત્સમાગમે જ પ્રાપ્ત થાય છે. તેથી જ સમ્યક્ત્વનો મારગ બતાવતાં શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે–

સ્વચ્છંદ મત આગ્રહ તજી, વર્તે સદ્ગુરુલક્ષ,
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ.

પ્રશ્નઃ– બે નયોમાં કયા નયથી કેવી રીતે મોક્ષ પામી શકાય ?

ઉત્તરઃ– વ્યવહારનય એ રીત જાણ નિષિદ્ધ નિશ્ચયનય થકી,
નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની. (૨૭૨)

સમયસારની આ ગાથામાં તમારા પ્રશ્નનો સરસ ઉત્તર છે. તેનો અર્થ જાણવા તથા વિસ્તારથી સમજવા માટે આ ગાથા ઉપરના પૂ. ગુરુદેવનાં પ્રવચનો વાંચજો...તે બહુ સરસ છે, અને વળી પૂ. બેનશ્રી–બેનના સુહસ્તે લખાયેલા છે, (સમયસાર–પ્રવચન પાંચમું પુસ્તક) આચાર્યદેવ કહે છે કે નિશ્ચયનય શુદ્ધ આત્માના સ્વદ્રવ્ય–આશ્રિત છે. તેથી તેનો આશ્રય કરનારા જીવો જરૂર મુક્તિ પામે છે. અને વ્યવહારનય પરદ્રવ્યઆશ્રિત છે, તેથી તેનો આશ્રય કરનારા કદી મોક્ષ પામતા નથી.

પ્રશ્નઃ– આહારક શરીર એટલે શું ? તે કોને હોય ?

ઉત્તરઃ– છઠ્ઠા ગુણસ્થાનવર્તી કોઈ મુનિને આહારક શરીર હોય છે. (બધાને હોતું નથી.) જેમને આહારકલબ્ધિ પ્રગટી હોય એવા મુનિને ક્યારેક સૂક્ષ્મ તત્ત્વ સંબંધી શંકા થાય અથવા તીર્થંકરના પંચકલ્યાણક વગેરેના દર્શનની કે અઢીદ્વીપમાં તીર્થયાત્રાની ભાવના થાય–તો તેવા પ્રસંગે તેમના મસ્તકમાંથી એક હાથનું સુંદર પૂતળું નીકળે છે તેને આહારકશરીર કહે છે; તેના દ્વારા તે મુનિરાજ તીર્થંકરાદિના દર્શન, યાત્રા, તથા શંકાનું સમાધાન કરી લે છે; અંતર્મુહૂર્તમાં તે પૂતળું પાછું સમાઈ જાય છે. (કોઈકવાર આહારક્યોગમાં સાધુનો સ્વર્ગવાસ થઈ જાય છે.) આ શરીરના નિમિત્તે મુનિ પોતાની શંકાને (आहरति) દૂર કરે છે, અને સૂક્ષ્મઅર્થને (आहारति) ગ્રહણ કરે છે તેથી તેને 'આહારક' કહે છે.

પ્રશ્નઃ– સાચા જ્ઞાનનો માર્ગ કયો ?

ઉત્તરઃ– જ્ઞાનીની ઉપાસનાપૂર્વક ભેદજ્ઞાનનો અભ્યાસ...

# જ્ઞાનગોષ્ઠી ( ચાલુ )

પ્રશ્નઃ– લોકાકાશની હદ બતાવનારા કયા દ્રવ્યો છે ?

ઉત્તરઃ– જીવાદિ પાંચે દ્રવ્યોનાં સમૂહનું જ્યાં અવલોકન થાય તેટલું લોકાકાશ છે, બાકીનું અલોકાકાશ છે. અલોક તે સર્વથા શૂન્ય નથી, ત્યાં એકલું આકાશ છે.

પ્રશ્નઃ– અલોકાકાશમાં અજવાળું હોય કે અંધારું ?

ઉત્તરઃ– અંધારું કે અજવાળું કાંઈ પણ ન હોય, કેમકે તે અરૂપી છે. અંધારું ને અજવાળું તે તો રૂપી–પુદ્‌ગલની પર્યાય છે.

પ્રશ્નઃ– આપણે અલોકમાં જઈ શકીએ ?

ઉત્તરઃ– ના, ત્યાં જઈ ન શકીએ; પણ અહીં બેઠાબેઠા કેવળજ્ઞાનવડે તેને જાણી શકીએ.

તમને આ જ્ઞાનગોષ્ઠી ગમી ? ..હા;

અમે આ જ્ઞાનગોષ્ઠીમાં ભાગ લઈ શકીએ ? .. હા; ઘણી જ ખુશીથી.

## * સાચા ભગવાન *

આપણા ભગવાન એટલે સાચા દેવ કેવા હોય તે બરાબર ઓળખવું જોઈએ.

નીચેની હકીકત ઉપરથી ભગવાનનું સાચું સ્વરૂપ તમે વિચારજો–

( ૧ ) એક જીવ ત્રિશુલ, બાણ, સુદર્શનચક્ર વગેરે હાથમાં ધારણ કરે છે;
બીજા જીવ કોઈપણ શસ્ત્રને ધારણ કરતા નથી;
–તો તેમાં સાચા દેવ કોણ ?

( ૨ ) એક જીવ ભક્તો ઉપર રાગ કરે છે, દુશ્મનો ઉપર દ્વેષ કરીને તેને મારે છે;
બીજા જીવ ભક્તો ઉપર રાગ નથી કરતા, કે નિંદા કરનાર ઉપર દ્વેષ નથી કરતા,
–તો તેમાં સાચા વીતરાગદેવ કોણ ?

( ૩ ) એક જીવ વસ્ત્ર–હાર–મુગટ વગેરે શણગાર પહેરે છે,
બીજા જીવને વસ્ત્ર–મુગટ–વગેરે કાંઈ શણગાર નથી;
–તો તેમાં સાચા દેવ કોણ ?

( ૪ ) એક જીવ ખાય છે–પીએ છે–રોગ થાય છે–દવા કરે છે,
બીજા જીવ ખાતા નથી–પીતા નથી, રોગ થતો નથી;
–તો તેમાં સાચા દેવ કોણ ?

( ૫ ) એક જીવને ખબર નથી કે કાલે શું થવાનું છે ?
બીજા જીવ ત્રણે કાળની બધી વાત સાક્ષાત્ જાણે છે;
–તો તેમાં સાચા ભગવાન કોણ ?

( ૬ ) એક જીવ સંપૂર્ણ સુખી છે ને સંસારમાં અવતાર ધારણ કરતા નથી;
એક જીવ દુઃખી છે, ને સંસારમાં અવતાર ધારણ કરે છે;
–તો તેમાં સાચા દેવ કોણ ?

( ૭ ) એક જીવ કહે છે–હું આ સૃષ્ટિ બનાવું છું ને તેનો નાશ કરું છું;
બીજા જીવ કહે છે–હું આ સૃષ્ટિને બનાવતો નથી, હું તો તેને માત્ર જાણું છું.
–તો તેમાં સાચા દેવ કોણ ?

( ૮ ) એક જીવ કહે છે કે શરીર અને આત્મા એક છે, બંનેની ક્રિયાઓ એક છે;
બીજા જીવ કહે છે કે શરીર અને આત્મા જુદા છે, બંનેની ક્રિયાઓ જુદી છે;
–તો તેમાં સાચા દેવ કોણ ?

( ૯ ) એક જીવ લડાઈ કરે છે, ક્રોધથી દુશ્મનોને મારે છે, દુષ્ટ જીવોને હણે છે;
બીજા જીવ કદી ક્રોધ કરતા નથી, પરમ શાંત વીતરાગ ભાવમાં જ રહે છે,
–તો તેમાં સાચા ભગવાન કોણ ?

( ૧૦ ) એક જીવ રાગી–દ્વેષી–મોહી છે, બધું જાણતો નથી; અને અહિત થાય એવો ખોટો ઉપદેશ આપે છે;

બીજા જીવ રાગ–દ્વેષ–મોહ વગરના વીતરાગ છે; સર્વને જાણનારા છે, અને હિત થાય એવા મોક્ષમાર્ગનો ઉપદેશ આપે છે.

–તો તેમાં સાચા દેવ કોણ ?

ભગવાન સર્વજ્ઞ છે, વીતરાગ છે, મોક્ષમાર્ગનો ઉપદેશ દેનાર છે; આવા ભગવાન તે આપણા સાચા દેવ છે; તેમને અરિહંત કહેવાય છે. આવા સાચા ભગવાનને ઓળખીને તેમણે બતાવેલા આત્માના સ્વરૂપને ઓળખતાં જીવને ધર્મ થાય છે, સમ્યક્ત્વ થાય છે. માટે હે જીવો ! તમે સાચા ભગવાનને ઓળખો.

# અજબ મારી નૌકા........નાવિક મારા સાધકસંતો



( મુમુક્ષુને ભવસાગર તરવાના આત્મિક પરાક્રમમાં ઉત્સાહિત કરે એવો નૌકાવિહાર )

અફર પ્રયાણ થયું આ મ્હારું... મુક્તિનગરના ધ્યેયે...
તુફાન તરંગથી ઊછળે દરિયો...એને તરવું મારે...
મોટો દરિયો ભવસાગરનો નૌકા મારી નાની,
છોને' નાની પણ એ નૌકા ભવથી તારણહારી...એવી અજબ મારી નૌકા...
... એમાં બેસી મેં તો અફર પ્રયાણ આદર્યું...

ગજગજ ઊછળે સાગર છોને...નૌકા મારી ન ઝૂકે,
નાવીક મારા સાધકસન્તોં કદી ન સાથ જ છૂટે...
એવી અજબ મારી નૌકા...તેમાં બેસી૦

ઊછળે કુદે...ડગમગ ડોલે...છતાં ન ડુબે એવી,
ગંજ તરંગને ભેદી-ભેદી તારકસ્વભાવ વાળી...
એવી અજબ મારી નૌકા...તેમાં બેસી૦

પ્રતિકૂળતાના ગંજને ભેદી...આગે બઢતી નૌકા...
સાગર ઊછળી ગગને સ્પર્શે ( તોય ) કરે ન પાછી પાની...
એવી અજબ મારી નૌકા...તેમાં બેસી૦

# મુક્તિ જાવું...મુક્તિ જાવું દોડે એક જ ધ્યેયે

જ્ઞાનમાર્ગનો ધ્રુવ કાંટો ને વૈરાગ્યના હલેસાં,
હમ્–હમ્ કરતી દોડી જાયે, શ્રદ્ધાનાં બળ બાંહે...
એવી અજબ મારી નૌકા...તેમાં બેસી૦
કદી ઊછળે, કદી અદ્રશ્ય થાયે, છોને જળચર ઘેરે,
મેઘ ગર્જે કે હીમ વર્ષે પણ મારી નૌકા દોડે...
એવી અજબ મારી નૌકા...તેમાં બેસી૦
કાયર દુનિયા ડરતી ભારે ‘ડુબી જશે આ હમણાં!’
(પણ) વીરમાર્ગની દ્રઢતા જેને ભરે ન પાછા પગલાં...
એવી અજબ મારી નૌકા...તેમાં બેસી૦
પાછું વળીને જુએ નહીં...એ દોડે એક જ ધ્યેયે,
મારે મુક્તિ જાવું–મુક્તિ જાવું...રે’ વું ન વચ્ચે કયાંયે...
એવી અજબ મારી નૌકા...
તેમાં બેસી મેં તો અફર પ્રયાણ આદર્યું.

(હરિ)

***
*****
***

* વવાણીયાથી એક જિજ્ઞાસુ લખે છે કે–”આત્મધર્મ આ જીવની વહાલામાં વહાલી ચીજ, તેનાં આવવાની રાહ જોઈને જ બેઠા હોઈએ...આપ સહુ પરમ ભાગ્યવાન છો કે એક જ્ઞાનીપુરુષની નિશ્રામાં જીવન વીતાવી રહ્યા છો. પૂ. શ્રી કાનજીસ્વામી પ્રતિ આ જીવને પિતા જેવું વહાલપ આવ્યા કરે છે, તેઓશ્રીના આશીર્વાદ ઈચ્છું છું; તેઓશ્રી યથાર્થ મોક્ષમાર્ગ નીરૂપી રહ્યા છે.”

# અમે જિનવરના સંતાન ( નવા સભ્યોના નામ )

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૪૦૪A | જયશ્રીબેન એન. જૈન | અમરાપુર | ૨૪૧૮A | વિનોદકુમાર જૈન | રાધૌગઢ |
| ૨૪૦૪B | રંજનાબેન એન. જૈન | " | ૨૪૧૮B | કુસુમકુમારી જૈન | " |
| ૨૪૦૪C | મીનાક્ષીબેન એન. જૈન | " | ૨૪૧૯A | અજયકુમાર એસ. જૈન | " |
| ૨૪૦૪D | કિર્તીદાબેન એન. જૈન | " | ૨૪૧૯B | અનીલકુમાર એસ. જૈન | " |
| ૨૪૦૪E | મુકેશકુમાર એન. જૈન | " | ૨૪૧૯C | ચંદ્રાબાઈ એસ. જૈન | " |
| ૨૪૦૫ | રામસંગભાઈ ડી. જૈન | વઢવાણ | ૨૪૨૦A | વિજયકુમારી બી. જૈન | " |
| ૨૪૦૬ | દશરથસિંહજી કે. જૈન | " | ૨૪૨૦B | પ્રેમકુમારી બી. જૈન | " |
| ૨૪૦૭ | હર્ષાબેન એસ. જૈન | " | ૨૪૨૦C | લક્ષ્મીકુમારી બી. જૈન | " |
| ૨૪૦૮ | નરેન્દ્રકુમાર એમ. જૈન | " | ૨૪૨૧A | ઉર્મીલાબેન જૈન | " |
| ૨૪૦૯ | કેતનકુમાર કે. જૈન | " | ૨૪૨૧B | ઉષાબેન જૈન | " |
| ૨૪૧૦ | કમલેશકુમાર એ. જૈન | " | ૨૪૨૧C | સંતોષકુમાર જૈન | " |
| ૨૪૧૧ | રાજેશકુમાર ટી. જૈન | " | ૨૪૨૨A | સુરેન્દ્રકુમાર જૈન | " |
| ૨૪૧૨ | મીનાકુમારી ટી. જૈન | રાધૌગઢ | ૨૪૨૨B | સાધનાકુમારી જૈન | " |
| ૨૪૧૩ | કપુરીદેવી એફ. જૈન | " | ૨૪૨૨C | અવિનાશકુમાર જૈન | " |
| ૨૪૧૪ | રાજકુમારી જી. જૈન | " | ૨૪૨૨D | મંજાુકુમારી જૈન | " |
| ૨૪૧૫ | રવિકુમારી જૈન | " | ૨૪૨૨E | કલ્પનાકુમારી જૈન | " |
| ૨૪૧૬B | મીનાકુમારી જૈન | " | ૨૪૨૩ | મુકેશભાઈ જૈન | વઢવાણ |
| ૨૪૧૭A | વિજયકુમારી કે. જૈન | " | ૨૪૨૪ | નયનાબેન જૈન | વઢવાણ |
| ૨૪૧૭B | પ્રમોદકુમારી કે. જૈન | " | ૨૪૨૫ | શૈલેશકુમાર નથુભાઈ. જૈન | વીજાપુર |
| ૨૪૧૬A | વિનયકુમાર જૈન | " | | | |

જ્યાં સુધી–

જીવને જ્યાંસુધી ઉપાદાન–નિમિત્તની સ્વતંત્રતાનું જ્ઞાન ન થાય, જ્યાં સુધી જડ–ચેતનની ભિન્નતાને તે ન ઓળખે, અને જીવ પોતે જ્ઞાનસ્વરૂપ છે એટલે તેનું જ્ઞાન કોઈ બીજામાંથી નથી આવતું–આટલી જૈન સિદ્ધાંતની મૂળ વાત જ્યાં સુધી ન સમજે, ત્યાં સુધી તે જીવને આત્મજ્ઞાનની કે સાધુપણાની પાત્રતા હોઈ શકતી નથી.

*****

આત્મધર્મના ઘણા પાઠકો તરફથી અભિનંદન–સંદેશ મળ્યા છે;

સંપાદક પણ સૌ સાધર્મીઓને ધર્મવાત્સલ્ય સહિત અભિનંદન પાઠવે છે.

# -: વિવિધ સમાચાર :-

∗ જલગાંવ (મહારાષ્ટ્ર) માં નવીન દિગંબર જિનમંદિર બાંધવા માટે આસો વદ ૭ના રોજ માનનીય પ્રમુખ શ્રી નવનીતલાલ ચુનીલાલ ઝવેરીના સુહસ્તે શિલાન્યાસ થયું. મુમુક્ષુ ભાઈ–બહેનોએ આ પ્રસંગે ઘણો ઉલ્લાસ બતાવ્યો હતો. થોડા વખતમાં જિનમંદિર તૈયાર થશે. આ માટે જલગાંવના મુમુક્ષુઓને વધાઈ!

સવારના પ્રવચનમાં સમયસાર નિર્જરા અધિકાર વંચાય છે. બપોરે પ્રવચનસાર પૂરું થયું છે; અને પંચાસ્તિકાય શરૂ થયું છે. પ્રવચનસારમાં છેલ્લે આચાર્યદેવે આત્મપ્રાપ્તિના આશીર્વાદ દેતાં કહ્યું કે આવા આનંદમય ચૈતન્યતત્ત્વને હે જીવો! આજે જ તમે પ્રાપ્ત કરો...તેનો અનુભવ કરીને પરમ આનંદરૂપે આજે જ પરિણમો.

સોનગઢમાં દીવાળી અને બેસતા વર્ષના મંગલ પર્વો આનંદથી ઉજવાયા હતા. બેસતા વર્ષે આહારદાન–પ્રસંગની ખુશાલીમાં પ્રમુખશ્રી નવનીતભાઈ તરફથી જૈનબાળપોથી (નવીન, બીજો ભાગ) વીસ હજાર નકલ છપાવીને હિંદી–ગુજરાતી આત્મધર્મના ગ્રાહકોને ભેટ આપવાનું જાહેર કરવામાં આવ્યું છે.

## જરા ઈસકોભી પઢિયે જી!

આત્મધર્મ...સર્વે જિજ્ઞાસુઓનું પ્રિય માસિક...

આત્મધર્મ...ગુરુદેવનો સંદેશ ઘર ઘર પહોંચાડતું માસિક...

આત્મધર્મ...શુદ્ધ અધ્યાત્મની પ્રેરણા આપતું માસિક...

આત્મધર્મ...આત્માર્થીતાને પોષતું અધ્યાત્મ–માસિક...

આત્મધર્મ...વાત્સલ્યભાવનાને વિસ્તારતું માસિક...

આત્મધર્મ...દેવ–ગુરુ–ધર્મની સેવાને અપનાવતું માસિક...

આત્મધર્મ...હજારો બાળકોને આનંદ સાથે ધર્મસંસ્કાર આપતું માસિક...

આવું આત્મધર્મ–માસિક ૨૬ વર્ષથી આપ નિયમિત વાંચો છો. આ અંકે આત્મધર્મનું ૨૭મું વર્ષ શરૂ થાય છે. મોટા ભાગના ગ્રાહકોનું લવાજમ આવી ગયું છે. આપે હજી મોકલ્યું ન હોય તો નીચેના સરનામે રૂા. ચાર વેલાસર ભરીને વ્યવસ્થામાં સહકાર આપવા વિનંતી.–શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ (સૌરાષ્ટ્ર)

# જાહેરાત

ટ્રસ્ટ તરફથી જણાવવામાં આવે છે કે શ્રાવિકાશાળાના કંપાઉન્ડમાં ૧૦ રૂમો ૧૬×૧૦ સાઈઝની બાંધવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે નીચેના નિયમો ને શરતોએ નોંધવામાં આવશે.

( ૧ ) આ રૂમ પોતા તરફથી લખાવનારે રૂા. ૨૦૦૧ ) ટ્રસ્ટને આપવાના રહેશે.

( ૨ ) રૂમની માલિકી ટ્રસ્ટની રહેશે.

( ૩ ) રૂમ લખાવનાર કે તેના કુટુંબીજનોને રહેવા માટે ૧૫ દિવસ અગાઉથી ખબર આપ્યેથી રૂમ ખાલી કરાવી દેવામાં આવશે.

( ૪ ) રૂમ લખાવનાર સોનગઢ બહાર જાય ત્યારે રૂમનો કબજો ટ્રસ્ટને સોંપી જવાનો રહેશે. તેમનો પોતાનો થોડોક સામાન રાખવાની સગવડતા માટે રૂમ ઉપરના ભાગે એક માળીયું કરી આપવામાં આવશે.

લી. દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ

# જાહેરાત

પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૮૦મી જન્મજયંતિના ઉપલક્ષ્યમાં સોનગઢમાં જે ભવ્ય અને આદર્શ પરમાગમ મંદિરનું નિર્માણ કરવાનું નક્કી થયેલ છે તેમાં ઘણાં મુમુક્ષુઓ તરફથી ગાથા કોતરાવવા માટે રકમો લખાવવામાં આવે છે. તે રકમો ઉચક લખાવવામાં આવે છે. આ ઉપરથી કેટલાક ભાઈ-બહેનોએ એવું સૂચન કરેલ છે કે ગાથા દીઠ અમુક રકમ નક્કી કરવામાં આવે તો દાન દેનારને અમુક પ્રકારનો સંતોષ થાય કે મેં આ પવિત્ર કાર્યમાં અમુક ગાથા લખાવી મારો યત્કિંચીત ફાળો આપ્યો છે. તે માગણી ઉપરથી ગાથા ટીકા સાથે એકના રૂા. ૫૦૧ ) નક્કી કરવામાં આવે છે.

આજ સુધી જે રકમો લેવાયેલી છે તેનો હિસાબ પણ ગાથા ટીકા સાથે એકના રૂા. ૫૦૧ ) પ્રમાણે ગણવામાં આવશે.

જેઓને એવી ભાવના હોય કે પોતા તરફથી પૂર્ણ ગાથા હોય તો સારૂં અને પોતે રૂા. ૫૦૧ ) થી ઓછી રકમ પરમાગમ મંદિર ખાતે ગમે ત્યારે લખાવી હોય તો તેઓ બાકીની રકમ લખાવી પોતાની ભાવના પૂર્ણ કરી શકશે.

લી.

શ્રી પરમાગમ મંદિર કમિટિ

શ્રી દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ-મુંબઈ


ગતાંકમાં આ ચિત્રના ચાર જીવોને ઓળખવાનું કહેલ હતું, તે આ પ્રમાણે છે–

(૧) તે જીવ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે; તે કર્મ બાંધે છે ઝાઝું, પણ છોડે છે થોડું.

(૨) આ બીજો જીવ જ્ઞાની ધર્માત્મા છે; તે ઘણું કર્મ છોડે છે, પણ બાંધે થોડુંક જ.

(૩) આકાશમાં રહેલા તે અરિહંત ભગવાન, બધા જ કર્મોને છોડે છે, ને જરાય કર્મ બાંધતા નથી.

(૪) દૂર દૂર રહેલા તે સિદ્ધભગવાન કર્મોને બાંધતા પણ નથી, ને છોડતા પણ નથી.




વિશેષ પરિચયઃ– નદી કિનારે જ્ઞાની ધર્માત્મા આત્મવિચારમાં બેઠા છે, પાસે બાળક બેઠેલો છે તે બાળકની જેમ સરળ અને જિજ્ઞાસુ છે.

(૧) હવે પહેલો જીવ ત્યાંથી 'પસાર થઈ જાય છે,'–તે જ્ઞાની ધર્માત્મા પાસે આવતો નથી પણ તેનાથી વિમુખ વર્તે છે. તે મિથ્યાદૃષ્ટિ છે.

(૨) બીજો જીવ ત્યાં આવીને 'જ્ઞાની ધર્માત્માની સાથે જ બેઠો' તે જ્ઞાની છે, જ્ઞાની સાથે તેને સાધર્મીપણું છે.

(૩) ત્રીજા અરિહંત ભગવાન છે, તે આકાશમાં ગમન કરે છે; તેમની ઓળખાણ આપતી વખતે જ્ઞાનીએ તેમના પ્રત્યે હાથ જોડયા, કેમકે તે પૂજ્ય દેવ છે.

(૪) ચોથા સિદ્ધ ભગવાન છે, તેઓ અહીં નથી આવતા, પણ મુમુક્ષુ જીવ જ્ઞાનવડે તેમને લક્ષમાં લ્યે છે. ને ધર્માત્માએ આંખ મીંચીને તેમની ઓળખાણ આપી એટલે કે અંતરની દૃષ્ટિ વડે તે સિદ્ધ ભગવાન ઓળખાય છે એમ બતાવ્યું. તેમને કોઈ કર્મનો સંબંધ જ નથી, તેથી તેઓ કર્મને બાંધતા કે છોડતા નથી.

# સૌને ગમે એવી વાત

## આત્માર્થીતા

મુમુક્ષુ જીવમાં આત્માર્થીતા હોય છે, આત્મા જ તેને વહાલો હોય છે; આત્માને સાધવા સિવાય બીજું કોઈ પ્રયોજન તેને નથી. આત્માનો મહિમા બતાવીને આવી આત્માર્થીતાને પુષ્ટ કરવી તે આ 'આત્મધર્મ' નો પહેલો ઉદ્દેશ છે.

## દેવ-ગુરુ-ધર્મની સેવા

જેણે પોતાનો આત્મા સાધી લીધો છે ને એવો આત્મા સાધવાનું બીજા જીવોને બતાવી રહ્યા છે, એવા વીતરાગી દેવ–ગુરુ–ધર્મની સાચી ઓળખાણ, અને પરમ બહુમાન પૂર્વક તેમની સેવા;–એ આપણા આત્મધર્મનો બીજો ઉદ્દેશ છે.

અહીં આપેલા ચાર ઉત્તમ આદર્શો આપે વાંચ્યા...હા; આપને તે ગમ્યા? ...હા... બહુ જ ગમ્યા. તો હવે સૌને ગમે એવા આ ઉત્તમ આદર્શોની પુષ્ટિ માટે 'આત્મધર્મ' ની પ્રભાવનામાં આપ સાથ આપો...માત્ર આપના ઘરમાં જ નહિ પણ આપના ઘરની આસપાસ પણ આત્મધર્મ દ્વારા ઉત્તમ સંસ્કારોની સુવાસ પ્રસરાવો.

## વાત્સલ્ય

અહા, મને પરમ પ્રિય એવો આ વીતરાગી જૈનધર્મ, અને તેના વીતરાગી દેવ–ગુરુ–શાસ્ત્ર, તેમની ઉપાસના કરનારા જીવો ધન્ય છે, તેઓ મારા સાધર્મી છે.–એમ સાધર્મી પ્રત્યેનું પરમ વહાલ, તે આપણા આત્મધર્મનો ત્રીજો ઉદ્દેશ છે.

## બાળકોમાં ધર્મ સંસ્કાર

અનેક ઉત્તમ ધર્મસ્થાનો, ને ધર્મશાસ્ત્રો ભલે હો, પણ જો તે ધર્મસ્થાને જવાના અને શાસ્ત્રો સમજવાના ઉત્તમ સંસ્કારો આપણા બાળકોમાં નહીં સીંચાય, તો તે ધર્મસ્થાનોનો કે શાસ્ત્રોનો ઉપયોગ કોણ કરશે?–માટે બાળકોમાં ધર્મસંસ્કારનું સીંચન એ આપણો ચોથો ઉદ્દેશ છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રતઃ ૨૭૦૦